# સમાજ ગીતા

સંતબાલ

મહાવીર સાહિત્ય પ્રકાશન મંદિર

અમદાવાદ-૩૮૦૦૦૪

# સમાજ ગીતા

સંતબાલ

: સંકલન :

દેવજી રવજી શાહ

: પ્રકાશક :

મહાવીર સાહિત્ય પ્રકાશન મંદિર

હઠીભાઈની વાડી, દિલ્હી દરવાજા બહાર

અમદાવાદ–૩૮૦-૦૦૪

પ્રકાશક :
મનુભાઈ જ. પંડિત
મંત્રી, મહાવીર સાહિત્ય પ્રકાશન મંદિર
હઠીભાઈની વાડી, દિલ્હીદરવાજા બહાર
અમદાવાદ–૩૮૦૦૦૪

પ્રથમ આવૃત્તિ
ફેબ્રુઆરી, ૧૯૮૬
કિંમત રૂપિયા સાત

મુદ્રક :
મણિભાઈ અં. પટેલ
ગુરુકૃપા સેટીંગ વર્ક્સ
૧૨, અડવાણી માર્કેટ
દિલ્હીદરવાજા બહાર,
અમદાવાદ–૪

# બે બોલ

ભાઈ દેવજીભાઈનું નિવેદન એક અર્થમાં એમનું આત્મનિવેદન છે. આ પુસ્તિકામાં તેમની અનિચ્છા છતાં, અમારા પ્રેમાગ્રહને લઈને એમણે લખી મોકલ્યું તે પ્રગટ કર્યું છે. એમાં આ 'અનુષ્ટુપ' એમને કંઠસ્થ થયાનો ઇતિહાસ તેમણે લખ્યો છે, યાદદાસ્ત સારી હોય ને એમાં રસરુચિ હોય તો તેઓ આથી પણ વિશેષ કંઠસ્થ કરતા હોય છે. દેવજીભાઈની વિશેષતા એ છે કે સેંકડો અનુષ્ટુપ શ્લોકોમાંથી વાતચીત ચાલતી હોય તે પ્રસંગને અનુરૂપ શ્લોકો પોતાના વક્તવ્યના સમર્થનમાં તે ટાંકે છે. એ સળંગ ક્રમમાં કંઠસ્થ કરેલા નથી હોતા, પણ એક મહાભારતનો હોય તો એક રામાયણનો પણ હોય. એક ભાગવતનો હોય તો એક ગીતાનો પણ હોય.

આવી યાદદાસ્ત અને પ્રસંગોચિત તેમ જ સમયોચિત હૃદયગત વાણી એ કંઈક અસામાન્ય એવી વિશિષ્ટ અને આગવી શૈલી જ ગણાય. અનન્ય શ્રદ્ધાભક્તિ અને તિતિક્ષા વિના આમ સહજ સાધ્ય થવું અતિ મુશ્કેલ છે. ભાઈ દેવજીભાઈની આ એક સિદ્ધિ જ ગણવી રહી.

આ શ્લોકો જુદા જુદા પુસ્તકોમાં છપાયેલા છે. તો પછી એ જ શ્લોકો ફરી છાપવાનો અર્થ શો ? એવી એક નિકટના આત્મીયજનની લાગણી છે. આ લાગણીમાં તથ્ય છે. પરંતુ આમ એક જ ઠેકાણે વિષયને અનુરૂપ અને એક જ વખતે વાંચવા મળે છે ત્યારે

એની મન પર જે અસર થાય છે, પ્રભાવ પડે છે અને શ્લોકમાં વિષય પર જે કહેવાયું હોય તેના પર જે પ્રકાશ મળે છે તે છૂટક એકાદ – બે શ્લોકો વાંચી લેવાથી નથી મળતો એમ લાગવાથી આ સંકલન પુસ્તક રૂપે પ્રગટ કરવું ઉચિત ગણીને સંસ્થાએ તે પ્રસિદ્ધ કર્યું છે. આશા છે કે અનેક વિષયો પર મુનિશ્રીએ જાહેર કરેલ મંતવ્યને સમજવામાં આ પુસ્તિકા વધુ ઉપયોગી બનશે.

**અંબુભાઈ શાહ**

# નિવેદન

પરંપરાથી હું રૂઢિગત જૈન સંપ્રદાયક છકોટી સ્થાનકવાસી. સાધુ સાધ્વીઓની સેવાને લીધે તેમની મારા પ્રત્યેની કૃપાના કારણે તેમણે મને સામાયિક, પ્રતિક્રમણ, થોકડા વગેરેનો અભ્યાસ કરાવ્યો. તેમાંય મારા સંસાર પક્ષના નજીકના મામા – સાધુ હીરાચંદજી સ્વામીએ ભચાઉમાં સંવત ૨૦૦૦ અને ૨૦૦૨ની સાલમાં એમ બે ચોમાસાં કર્યાં. તેમના ચોમાસામાં મારી અખંડ હાજરી હતી, ૨૦૦૦ની સાલમાં તો રાત્રે પણ ઉપાશ્રયમાં સૂતો, ઉપરાંત સાધ્વીજીઓનાં ચાતુર્માસ તો દર સાલ હોય જ. એટલે બધાં સાધુ – સાધ્વીઓની કૃપાથી ચીલાચાલુ પરંપરાથી રૂઢિગત શાસ્ત્રોની વાણી ગ્રહણ કરેલી.

અમારા છકોટી સ્થાનકવાસી સંઘના સંઘપતિ શાહ જખુભાઈ માંડણ, કચ્છ – ભચાઉ સંપ્રદાય રૂઢિથી પર. વ્યાપક જૈન ધર્મના જાણકાર અને મુનિશ્રી નાનચંદ્રજી સ્વામીએ જે વાડીલાલ મો. શાહની ફાઈલો જૈન સ્થાનક છકોટી ભચાઉ મધ્યે મોકલી હતી તેના અભ્યાસી જખુભાઈ હતા. મારે અને જખુભાઈને મીઠા સંબંધો અને સતત સત્સંગ. તેથી સુધારાવાદી વિચાર ઉપરાંત સાધુ સાધ્વીઓની ભચાઉ મધ્યે સતત અવરજવર રહે. અને સતત ચોમાસાં રહે. તેમની પાસેથી સાતત્ય જાળવતું પરંપરાવાદી જ્ઞાન પણ મેળવેલું.

સંતબાલજી મહારાજ જ્યારે સને ૧૯૫૫ના જાન્યુઆરી માસમાં લાઠી ચાતુર્માસ પછી કચ્છમાં પધાર્યા ત્યારે જખુભાઈએ મને કહ્યું કે, 'આ સંતબાલજી આપણા સ્થાનકવાસી સમાજના' ઊંચા વિદ્વાન સાધુ છે. તેઓએ અજમેર સાધુ સંમેલન વખતે આર્ય-સમાજ તરફથી **ભારતરત્નની** ઉપાધિ નાની વયમાં જ મેળવી લીધી છે. તેઓ રાજકારણ અને ધર્મને જુદા માનતા નથી. તેમણે જૈન ધર્મના સાચા માર્ગ માટે પોતાનું નિવેદન કર્યું એ આપણો સ્થા. જૈન સમાજ પચાવી ન શકયો. તેમને સંઘેડા બહાર કર્યા. પરંતુ પોતે તો પોતાની જાતને ગુરુ નાનચંદ્રજી સ્વામીના શિષ્ય તરીકે અને સ્થા. જૈન છકોટી સંપ્રદાયના સાધુ તરીકે જ ઓળખાવે છે. તેમનો સત્સંગ તમારે કરવા જેવો છે."

જખુભાઈ પ્રત્યે મને ખૂબ જ શ્રદ્ધા એટલે સંતબાલજીના સત્સંગ પ્રત્યે હું અભિમુખ બન્યો.

પૂ. ગુરુદેવ મુનિશ્રી સંતબાલજી ૧૯૫૫ના જાન્યુઆરીમાં મારા માટે જ કચ્છ કાં ન પધાર્યા હોય! પ્રથમ મુલાકાતે જ કોઈ પૂર્વનાં ઋણાનુબંધ ન હોય કે તરત જ બંધડી ગામની મુલાકાતમાં જ સર્ચ લાઈટ થઈ. બંધડી ગામના આયરોને...કેટલાક અજડ આયરોને સમજાવતાં સમજાવતાં મુનિશ્રીને રાતના ૧૧ વાગી ગયા. આ દૃશ્ય જોઈ હું બીજા જ દિવસથી તેમના વિહારમાં જોડાયો. આ વિહારમાં હું તેમની સાથે સતત ચર્ચા કર્યા કરતો. કારણ કે મને જિજ્ઞાસા બહુ હતી. દરેક સાધુ-સાધ્વીને પ્રશ્નો પૂછીને જ્ઞાન મેળવેલું. વાંચવું, વિચારવું અને પૂછવું, પછી અનુભવવું એમ ગીતાના ચોથા અધ્યાયમાં પણ કહ્યું છે :

**પ્રણામે પ્રશ્નો દ્વારા તું સેવાથી જાણ જ્ઞાનને;**
**તત્ત્વ દ્રષ્ટા જ જ્ઞાનીઓ બોધશે જ્ઞાન તે તને.**
**જે જાણી તું ફરી મોહ નહીં પામીશ પાંડવ;**
**તેથી પેખીશ સૌ ભૂતો, પોતામાં મુજમાં વળી.**

આ પ્રથમ મુલાકાત પછી તો એક માસ સુધી મને સતત સ્વપ્નાં આવ્યાં કરે. રાત પડે અને હું અને ગુરુદેવ ચર્ચામાં લીન હોઈએ. હું પ્રશ્નો પૂછતો જ રહું અને તેઓ એટલા જ વાત્સલ્યથી ઉત્તરો આપતા રહે. અંજાર તાલુકાના પ્રવાસમાં દેવરિયા ગામથી આદિપુર વચ્ચે તો પ્રેમજીભાઈ ઠક્કર તથા ભવાનજી અરજણ ખીમજી પ્રવાસમાં સાથે હતા. આવા મહાનુભાવો, રાજકીય નેતાઓ પણ આગળ પાછળ હોય ત્યારે મને સાથમાં લેતા અને મને કહેતા : જ્યારે એકાંતની તક મળે ત્યારે તમારે ચર્ચા કરી લેવી.'

કચ્છના પ્રવાસમાં હું તેમની સાથે ૧૮ દિવસ રહ્યો. તેમની દિનચર્યા નજીકથી જોવાની મળી. તેમનામાં જૈન સાધુતા સોળે કળાએ ખીલેલી જોઈ, અને હું તેમના તરફ આકર્ષાયો.

ભચાઉ ગ્રામપંચાયતમાં તેમનું 'વિશ્વવાત્સલ્ય' છાપું આવતું. જખુભાઈ તે વાંચતા. એ પ્રસંગે 'પ્રાસંગિક મહાભારત' ચાલતું. તેમાંથી આદર્શ ગૃહસ્થાશ્રમનાં લખાણો વાંચી મને કહે : આ મુનિશ્રી તો ગૃહસ્થાશ્રમ માટે પણ કેવા સુંદર શ્લોકો લખે છે! તમારે વાંચવા જોઈએ.

**સ્ત્રીપુરુષ સ્વયં ઇચ્છે જોડાવા લગ્નગ્રંથિથી,**
**તોય તે લગ્નની પે'લાં જોઈએ સંઘ સંમતિ.**

મને પણ સત્ય જાણવાની એટલી બધી તાલાવેલી હતી કે હું ધંધાની ફિકર કરતો નહીં. શ્રીમદ્ રાજચંદ્રની જેમ કાપડની દુકાનમાં ઘરાકનું કામ પતાવી તરત પુસ્તકો લઈ લઉં. દુકાનમાં જ લાઈબ્રેરી થઈ ગઈ હતી. એટલે પછી મુનિશ્રીને સમજવામાં મેં ખામી રાખી નહીં. અને ગુરુદેવ પણ કેવા? પ્રથમ વિહારમાં જ મને કહે, 'આપણે પાછળ રહી જઈએ અને વિહારમાં બંધડી અને કુંભારડી વચ્ચે ક્યાંક બેસીને ચર્ચા કરી લઈએ.''

શકુંતલા અને દુષ્યંતનાં ગાંધર્વ લગ્ન થઈ ગયાં છે પણ સંઘની સંમતિની અધૂરાશ રહી જવાથી દુષ્યંત અને શકુંતલાને કેવી કસોટીમાંથી પાર થવું પડે છે ?

દૈનિક પેપરોમાં પ્રેમલગ્નોની થતી અધોગતિ પણ વાંચીએ છીએ. ખરેખર, સંતબાલજી મહારાજ કેવા આદર્શ શ્લોકો અભિનવ મહાભારત'માં ચર્ચે છે ! એક ઠેકાણે ચર્ચે છે :

**સિદ્ધાંત સાધુનો લેવો ને સલાહ વડીલની;**
**સંમતિ વરકન્યાની તો બને લગ્ન તે સુખી.**

ઊંચા વિચાર ચારિત્ર્યે આકર્ષાતી પ્રજા જગે;
તેથી પ્રજા થકી રાષ્ટ્ર સંસ્કૃતિ શોભતી ખરે.

ધર્મચ્યુત પ્રજા રાજ્ય ધર્મ લક્ષી બનાવવા;
ધર્મલક્ષી બને ત્યારે તેમને હૂંફ આપવા.

સતત સંતભક્તોની સાચી એવી પરંપરા,
ભારતે સાચવી રાખી તેથી પૂજ્ય તે સદા.

આવી આવી ચર્ચાઓ અને શ્લોકો કંઠસ્થ કરવાની રુચિ જાગી. અને તે રીતે મેં ૧૯૫૦થી 'વિશ્વવાત્સલ્ય' ની ફાઈલો મેળવી તેમાંથી રામાયણ અને મહાભારતના શ્લોકો કંઠસ્થ કર્યા, તેમ જ ગીતાદર્શનના શ્લોકો કંઠસ્થ સહેજે થઈ ગયા.

સંતબાલજી મહારાજની કૃપાનો ધોધ મારા ઉપર વરસ્યો. તેમના આશીર્વાદથી ભચાઉ તાલુકા ખેડૂતમંડળ, પ્રાયોગિક સંઘ વગેરે સંસ્થાઓ શરૂ કરી. તેમાંથી અદ્ભુત અનુભવો મળ્યા. અને મળતા જ રહે છે. પ્રયોગો સિવાય સાચું જ્ઞાન પ્રાપ્ત થતું નથી. પ્રયોગોમાં પરિગ્રહ, પ્રાણ અને પ્રતિષ્ઠાને પણ હોમવી પડે. સાધુ-સંસ્થાઓ પરિગ્રહ, પ્રાણ અને પ્રતિષ્ઠા હોમીને નવાં મૂલ્યો અને સાચો જૈન ધર્મ બહાર લાવી શકશે. આ દેશ સાધુસંતો પ્રત્યે

શ્રદ્ધાળુ છે એટલે જ્યારે ત્યાગી સાધુઓ, પ્રયોગો કરી સત્ય—અહિંસા વ્યવહારમાં લાવશે ત્યારે તે સાધુસંતો – પછી તે ગમે તે સંપ્રદાયના હોય તોય આ દેશની પ્રજા તેમને ન્યોછાવરી કરશે ! સાધુસંસ્થા સાથે, સેવક સંસ્થા, ખેડૂતમંડળ—એટલે નૈતિક ગ્રામસંગઠનો અને છેલ્લે રાજ્ય સંસ્થા એટલે સાધન શુદ્ધિનો આગ્રહ રાખનાર ગાંધીજીના સિદ્ધાંતવાળી કોંગ્રેસ સંસ્થા એ ચારેયનો અનુબંધ એટલે અનુબંધ વિચારધારા.

જીવનને સમગ્રતાથી ભરી દેતા વિધવિધ વિષયોમાં આ અનુબંધ વિચારધારા આ શ્લોકોમાં વણાઈ ગયેલ છે. મારી જેમ અન્ય પ્રયોગકારો અને સેવકોને આ સમાજ ગીતા ઉપયોગી થઈ પડશે એવી આશા છે.

ભચાઉ (કચ્છ)

દેવજી રવજી શાહ

# અનુક્રમણિકા


બે બોલ......અંબુભાઈ શાહ ... ... ૩

નિવેદન......દેવજી રવજી શાહ ... ... ૫

૧. નિસર્ગ મૈયા ૧
૨. વિશ્વમાં પરસ્પર અનુબંધ ૨
૩. બ્રાહ્મણ ૭
૪. ક્ષત્રિય ૭
૫. ચાર વર્ણોનો અનુબંધ ૮
૬. રામરાજ્ય ૯
૭. ભારતીય સંસ્કૃતિ ૯
ભારતીય સંસ્કૃતિનાં આઠ અંગો ૧૦
૮. ભારતીય સંસ્કૃતિની વિશિષ્ટતા ૧૩
૯. ધર્મ ૧૪
૧૦. ધર્મ અને પુણ્ય ૧૫
૧૧. ધર્મનાં અંગો ૧૫
૧૨. ધર્મનાં પેટા અંગો ૨૧
૧૩. વ્યવહાર અને ધર્મ ૨૧
૧૪. સ્વધર્મ ૨૨
૧૫. સમાજધર્મ ૨૨
૧૬. આશ્રમધર્મ ૨૨
૧૭. વર્ણધર્મ ૨૩
૧૮. ગૃહસ્થધર્મ ૨૪
૧૯. ધર્મી ૨૫
૨૦. યુગપુરુષ સર્વાંગી ક્રાંતિકાર ૨૬
૨૧. ક્રાંતિકાર મહારથી ૨૭
૨૨. રાજાશાહી ૨૮
૨૩. લોકશાહી ૨૯
૨૪. સેનાની વીર ૩૦
૨૫. સાચો શહીદ ૩૧
૨૬. ક્રાંતિ ૩૧
૨૭. ધર્મયુદ્ધ ૩૧
૨૮. શુદ્ધિપ્રયોગ ૩૨
૨૯. પ્રતિકાર ૩૨
૩૦. સાધુ સંત મુનિ ત્યાગી ૩૩
૩૧. મહાત્મા, ઋષિ તાપસ, તપસ્વી ૩૬
૩૨. ભક્ત ૩૬

૩૩. સમત્વ યોગી ૩૮
૩૪. જ્ઞાની ૩૯
૩૫. સત્યાર્થી સાધક ૪૦
૩૬. આત્માર્થી ૪૧
૩૭. સજ્જન ૪૧
૩૮. શ્રેષ્ઠ પુરુષ ૪૧
૩૯. વ્યવહાર અને આદર્શ ૪૨
૪૦. સિદ્ધાંત ૪૨
૪૧. વ્યવહાર અને સિદ્ધાંત ૪૩
૪૨. કર્તવ્ય ૪૩
૪૩. નીતિ ૪૩
૪૪. સાવધાન ૪૪
૪૫. અપવાદ ૪૪
૪૬. કર્મના મહાનિયમ ૪૪
૪૭. સંસારની ગતિ ૪૫
૪૮. આપદા ૪૫
૪૯. બેચેની ૪૬
૫૦. સંકટ ને લાલચ ૪૬
૫૧. પ્રેમ ૪૬
૫૨. પ્રેમ–મોહ ૪૭
૫૩. પ્રેમી ૪૮
૫૪. પતિવ્રતા સતી ૪૮
૫૫. માતૃજાતિ ૪૯
૫૬. પતિ–પત્ની ૪૯
૫૭. દામ્પત્ય ૫૦
૫૮. વ્યક્તિ અને સમાજ ૫૧
૫૯. વ્યક્તિ અને સુસંસ્થા ૫૧
૬૦. નર-નારી ૫૧
૬૧. સેવા ૫૨
૬૨. જનપ્રવાહ અને સત્પુરુષ ૫૩
૬૩. લગ્નપ્રથા ૫૩
૬૪. સંયમ ૫૪
૬૫. યજ્ઞ ૫૪
૬૬. બલિદાન ૫૫
૬૭. લાઘવગ્રંથિ ને ગૌરવગ્રંથિ ૫૫
૬૮. પૂર્વગ્રહ ૫૫
૬૯. અનાગ્રહ ૫૬
૭૦. અભિગ્રહ સંકલ્પ ૫૬
૭૧. પરિગ્રહ ૫૬
૭૨. સત્યાગ્રહ ૫૬
૭૩. કદાગ્રહ ૫૭
૭૪. ગુણદોષ ૫૭
૭૫. ઉપાદાન અને નિમિત્ત ૫૮
૭૬. હર્ષશોકમાં સ્થિરતા ૫૮
૭૭. સુખદુઃખમાં સમભાવ ૫૮
૭૮. સમતા ૫૮

७९. संतोष ५९
८०. शांति ५९
८१. शक्ति ५९
८२. आत्मशक्ति ६०
८३. आध्यात्मिकता ६०
८४. अनासक्ति ६१
८५. वैराग्य ६१
८६. स्नेह ६१
८७. वात्सल्य ६१
८८. तप ६२
८९. तप-त्याग ६२
९०. निष्ठा ६३
९१. श्रद्धा ६३
९२. सत्संग ६३
९३. चमत्कार ६४
९४. दान ६४
९५. अमृत अने झेर ६४
९६. क्षमा ६५
९७. सौन्दर्य ६५
९८. आकर्षण ६५
९९. मोह संबंध अने कर्तव्य संबंध ६६
१००. कामेच्छा ६६
१०१. विवेक ६६
१०२. प्रारब्ध अने पुरुषार्थ ६७
१०३. ज्ञान ६७
१०४. चारित्र ६७
१०५. स्मृति ६८
१०६. आयुष्य ६८
१०७. पात्रता ६८

# સમાજગીતા

## ૬. નિસર્ગ મૈયા

(અનુષ્ટુપ)

નિસર્ગનું મહા યંત્ર, બાહ્ય, અંતરે તથા વને;
છે તાલબદ્ધ સર્વત્ર, એકલું ત્યાં ન કોઈ એ. ૧

નિસર્ગ-ત્રાજવાં એવાં, જ્યાં રતીભાર ન ક્ષતિ;
પરીક્ષા છો જતો લેવા, માનવી ફાવશો નહિ. ૨

સંસારી જીવ-સૃષ્ટિનાં, કર્મો અર્પે સુખો-દુઃખો;
નૈસર્ગિક જગત-તંત્ર, ચાલે છે જ્ઞાનથી જુઓ. ૩

ગર્વ ન કરશો કોઈ, એકાકી સાધના તણો;
સાધના તે ટકે જેમાં, હોય સાથ નિસર્ગનો. ૪

કિંતુ નિસર્ગથી સ્હેજે, ત્યાંય મદદ પોંચતી;
ત્યારે ખરે જ લાગે છે, અકળિત કળા સહી. ૫

નરબુદ્ધિ નહિ પોંચે, શી આ નિસર્ગની કળા !
પ્રાણીમાત્ર રચ્યા દેહે, ને દિલે એકરૂપ જ્યાં. ૬

આ શી નિસર્ગની ખૂબી, પોતાનાં પારકાં બને;
તે પાછાં થઈ પોતાનાં, અંતે તો સૌ છૂટાં પડે. ૭

જગે રહે ન જેનું કો, તેને નિસર્ગ ગોદ દે;
ભેટાળે માતૃરૂપે ત્યાં, પ્રેમામૃત નિમિત્ત કૈં. ૮

માણે સુખો પરપીડ આપી, લૂંટે પ્રતિષ્ઠા પરથી ઉથાપી;
અન્યાય એવા અતિશે વધે જ્યાં, જાગી જતું સત્ત્વ નિસર્ગનું ત્યાં. ૯
સુણીને સત્યનો સાદ, સ્વયં પ્રકૃતિ જાગતી;
એવું લાગે છતાં મૂળે, ત્યાંયે સંતો હશે કહીં. ૧૦
પુણ્યથી પાપ ઠેલાતું, તેમ સુકૃત્યથી સદા;
નિસર્ગનાય આઘાતો, સેવાય ધર્મથી બધા. ૧૧

(શિખરિણી)

પ્રભુ-શ્રદ્ધા રાખી, શુચિ મન કરી આત્મ પરખી,
વિવેકે ઝીલી ત્યાં, ગહન ધ્વનિને જાગૃત રહી
મથો સૌના શ્રેયે, કુદરત છતાં અન્ય કરશે
તમે જાણો ત્યાં, તો જરૂર ભવિતવ્યત્વ જ હશે.

## ૨. વિશ્વમાં પરસ્પર અનુબંધ

### અવ્યક્ત આત્મબળ

છે વ્યક્ત ને અવ્યક્ત, જગત બે પ્રકારનું;
વ્યક્તને છોડીને નિશ્ચે, અવ્યક્તને જ સાધવું. ૧
રાગદ્વેષ તણાં દ્વંદ્વ, વ્યક્ત જગતમાં દીસે;
વિકાસમાર્ગ સાધે જે, તે અવ્યક્ત જગે વસે. ૨

### જૈન દૃષ્ટિ

પ્રેરક બળ આત્માનું, નથી તે જગવસ્તુમાં;
જૈન દૃષ્ટિ મહીં તેની (જગવસ્તુની) ન મહત્તા, ન મૂલ્યતા.

### સંતોનું પ્રેરક બળ

મનુષ્યયોનિમાં જાણે, ઈશ્વરી રૂપ છે છતું;
કાર્ય–કદર મર્ત્યોની, ઈશ્વરી કદરો સમું. ૧

તેવા મહા મનુષ્યની, જે રાજ્ય પ્રેરણા ગ્રહે;
તે જ રાજ્ય ટકે લોકે, સત્તા મોહે ન તે પડે. ૨

સર્વ બંધનથી મુક્ત, દૃષ્ટિ વિશ્વહિતેચ્છુ જે;
તે મહા મુનિનાં વેણ, સૌમાં સ્વધર્મ પ્રેરશે. ૩

## સત્યાર્થી સંઘોનું નિયામક બળ

સત્તા છો શુદ્ધ હો તોયે, સત્તાને અંકુશો ખપે;
સત્યાર્થી સંઘથી બીજા, કોના અંકુશ તે સહે. ૧

રાગદ્વેષ ના યુદ્ધ હો, જોશે સત્યાર્થી સંઘ તે;
ને રાજ્યને અહિંસાની, દિશાએ પ્રેરશે ય તે. ૨

## વિશ્વમાં પરસ્પર અનુબંધ

છે પરસ્પર સંબંધ, સૃષ્ટિના પ્રાણી માત્રનો;
તેથી વિશ્વ-બનાવોનો, સૌમાં પ્રભાવ ઊઠતો ? ૧

પરસ્પરાશ્રયી વિશ્વ, એક એક પદાર્થમાં;
જડ–ચેતન સૌ સાથે, નાનાં–મોટાં ટકી રહ્યાં. ૨

માટે કો એકલો કોઈ, ભલે સમર્થ હો ઘણો:
તો ય કાર્ય કરી શકે, સાધે જો સાથ સર્વનો. ૩

સચરાચર છે સૃષ્ટિ, સંબંધિત પરસ્પર;
રત બનો સ્વ-કર્તવ્યે, રહી પ્રેમે નિરંતર. ૪

વિશ્વનાં સઘળાં તત્ત્વો, જરૂરી માનજો તમે;
કિંતુ બધાં યથાસ્થાને, સ્થાપવા મથજો તમે. ૫

જુદાં જ્યાં એક ને શૂન્ય, અપૂર્ણ મૂલ્ય થૈ રહે;
કિંતુ ભેળાં યથાસ્થાને, થતાં તે પૂર્ણતા વરે. ૬
જગમાં એમ સૌએ જો, યથાસ્થાને વહ્યાં કરે;
સ્વતંત્રતા, શાંતિ, આબાદી, ત્રિવેણી તો વહ્યાં કરે. ૭
વિચારે સત્ય વાવીને, વાણીમાં સત્યને વણો;
સાચું વર્તી પ્રવર્તાઓ, વિશ્વમાં સત્યનો ઘડો. ૮
સત્ય મિશનને જ્યાં હો, ત્યાં રહી સાથ આપજો;
તેને સારું બધાં ક્ષેત્રો, ખેડી સારાં બનાવજો. ૯
પોતાનાં પારકાં માની, પરાયાં પોતીકાં ગણે;
સૌમાં આવી જતું ત્યારે, સમદર્શીપણું ખરે ! ૧૦
છો સત્કાર્યો હશે કિંતુ, સમષ્ટિ લક્ષ્ય ના હશે;
તો દિવ્યાનંદ આવેલો, હાથમાંથી સરી જશે. ૧૧
માટે સમષ્ટિનું લક્ષ્ય, રાખી સદા ઝઝૂમશો;
સંગી રહી સૌ સાથે, નિઃસંગતા વરી જશો. ૧૨
રાજ્યસત્તા પ્રજાલક્ષી, નીતિપ્રધાન અર્થ જ્યાં;
સંયમલક્ષિતા કામે, ત્યાં ન ધર્મ વિરુદ્ધતા. ૧૩
ક્રાંતિપ્રિય ખરા સંતો તથા ઋષિ–મુનિ–દ્વિજો;
સતી સ્ત્રી થકી રાષ્ટ્રે, ઊંડો ધર્મ ટકી રહ્યો. ૧૪
વધાર્યે સાધનો ત્યાગ, ઝંખવાઈ જતો જુઓ;
માટે જ જાગૃતિ રાખે, સાચાં ત્યાગી સુનારીઓ. ૧૫
સાધુઓને ય આ માર્ગે પ્રેરનારાઓ જોઈશે;
સંસ્થારૂપ બની જેઓ, સૌની સાંકળ થૈ જશે. ૧૬

નારીશક્તિ પ્રજાશક્તિ, સેવક સંઘ-શક્તિઓ;
ત્રણેનો રાજ્ય સંસ્થામાં, પાડે પ્રભાવ સાધુઓ. ૧૭
પ્રજા ને રાજ્યની બંને, સંસ્થાઓ સાધુ સાથ જો;
છેવટે બ્રાહ્મણો નક્કી, જોડાશે સાધુ સાથ તો. ૧૮
આ રીતે થાય તો આવે, સત્સાહસ દ્વિજો મહીં;
અને જોડાઈ સૌ સાથે, શ્રેય સાધે સદા અહીં. ૧૯
સત્તા છો શુદ્ધ હો તોયે, સત્તાને અંકુશો ખપે;
સત્યાર્થી સંઘથી બીજા, કોના અંકુશ તે સહે? ૨૦
રાગદ્વેષ ના શુદ્ધ હો, જોશે સત્યાર્થી સંઘ તે;
ને રાજ્યને અહિંસાથી, દિશાએ દોરશે ય તે. ૨૧
બ્રાહ્મણો જનતા દ્વારા, નાથશે રાજ્યને યદા;
નીતિ ને શાંતિ પામશે, બંને રાજ્ય અને પ્રજા. ૨૨
નહિ તો બ્રાહ્મણો ક્ષાત્રો, બંને પામી અધોગતિ;
નાનાં-મોટાં થશે યુદ્ધો, નીતિ શાંતિ વીતી જશે. ૨૩
સત્તાલોભી બને રાજ્યો, ધનલોભી બને દ્વિજો;
અસાવધ રહે લોકો, તો આવ્યું પતન જાણજો. ૨૪
જે રહે રાજ્યે નિર્લેપ, એવા ગુણે વળે નહિ;
પ્રજા ને સેવકો સાથે, રાખીને જાગતા રહી. ૨૫
પાડે પ્રભાવ જે રાજ્યે, થશે તે વ્યક્તિનું ભલું;
મર્ત્ય સમાજ ને પ્રાણી, સમષ્ટિનું ય તો ભલું. ૨૬
રાજા દંભી, પ્રજા દંભી, ઢીલા જ્યાં લોકસેવકો;
અધિકારીજનો લોભી, તે દેશ નાશ પામતો. ૨૭

પ્રજા સંઘો અને સંતો, દઢધર્મી ન જ્યાં લગી;
જગે શસ્ત્રયુદ્ધોની, રહેશે ભીતિ તિહાં લગી. ૨૮
ગાદી માટે નથી રાજ્ય, પ્રજા અર્થે રાજ્ય છે બધે;
ને પ્રજા તે સત્યને માટે, સાચું તો પડજો સુખે. ૨૯
ધર્મચ્યુત પ્રજા-રાજ્ય, ધર્મલક્ષી બનાવવા;
ધર્મલક્ષી બને ત્યારે, તેમને હૂંફ આપવા. ૩૦
સતત સંત-ભક્તોની, સાચી એવી પરંપરા;
ભારતે સાચવી રાખી, તેથી પૂજાય તે સદા. ૩૧
દ્વિજોની દૃષ્ટિમાં જ્યારે, ક્ષાત્રોનો વ્યાપ આવશે;
વૈશ્યો શૂદ્રો મળી સંગે, રાષ્ટ્રસેવા સમર્પશે. ૩૨
સૌ વર્ણો સંયમે વર્તે, રાખી પ્રીત પરસ્પર:
ત્યારે જ વિશ્વ આખામાં, ટકે શાંતિ નિરંતર. ૩૩
શ્રમણો, બ્રાહ્મણો, ક્ષાત્રો, વૈશ્યો, શૂદ્રો યથા ક્રમે;
સ્વકાર્યે સૌ રહે લીન, તેથી જ સૌ મહાન છે. ૩૪
પછાતો, ગામડાં, સ્ત્રીઓ, સુયોગ્ય સ્થાન પામશે;
ત્યારે આ રાષ્ટ્રમાં નિશ્ચે, નિત્ય વિજય જામશે. ૩૫
ગૃહસ્થી ત્યાગી જોડાય, બ્રાહ્મણો સાધુરૂપ જો;
તેથી સમાજ નિર્માય, આખી માનવ-જાતનો. ૩૬
ને યોગ્ય ક્ષત્રિયો સાથે, થાય જોડાણ બેઉનું;
તો જ ઉત્થાન સર્વાંશે, સધાશે પ્રાણીમાત્રનું. ૩૭
બ્રહ્મતેજ વિનાનું જે, ક્ષાત્રતેજ અનર્થક;
બંને તેજો મળે ત્યાં તો, ઉન્નતિ પામતું જગ. ૩૮

## ૩. બ્રાહ્મણ

બ્રાહ્મણો જનતા દ્વારા, નાથશે રાજ્યને યદા;
પામશે નીતિ ને શાંતિ, બંને રાજ્ય ને પ્રજા.

## ૪. ક્ષત્રિય

ભીડ રીડ પડે ત્યારે, ક્ષત્રિયવટ દોડતું;
મોંઘી ન્યોચ્છાવરી સસ્તી, કરી સ્વધર્મ સાધતું. ૧
ક્ષત્રનું ગાઢ ઐશ્વર્ય, તપો-વિશુદ્ધ જો થશે;
સ્વર્ગ મૃત્યુ ને પાતાળ, ત્રણેનો પ્રેમ જીતશે. ૨
બ્રહ્મતેજ વિનાનું જે, ક્ષાત્રતેજ અનર્થક;
બંને તેજો મળે ત્યાં તો, ઉન્નતિ પામતું જગ. ૩
ક્ષત્રિયોથી દ્વિજો શ્રેષ્ઠ, સામાન્યતઃ ગણાય છે;
કિંતુ સાધુતા સાથે હો, તો ક્ષત્રિયો ચડી જશે. ૪
સાચા ક્ષત્રિયને નોંય, પરવા જાનમાલની;
ફરે મૃત્યુ ધરી નિત્ય, વાટ જોતો સ્વ-ધર્મની. ૫
વધે મદાંધનો ગર્વ, એવું કંઈ કરશો નહિ;
ભીડ પડયે જજો દોડી, નમ્રતા દાખવી તહીં. ૬
સત્તાલોલુપતા સાથે, સાચો સ્નેહ ટકે નહિ;
જો તે ટકી રહે તો તે, સત્તામોહ ખરી પડે. ૭
ઉશ્કેરાય ભલે સામો, ગુમાવો ધૈર્ય ના તમે;
સંતો, દ્વિજો તથા ક્ષાત્રો, ફસાશો મા તમો કદા. ૮

## ૫. ચાર વર્ણોનો અનુબંધ

દ્વિજોની દૃષ્ટિમાં જ્યારે, ક્ષાત્રનો વ્યાપ આવશે;
વૈશ્યો શૂદ્રો મળી સંગે, રાષ્ટ્રસેવા સમર્પશે.
સૌ વર્ણો સંયમે વર્તે, રાખી પ્રીત પરસ્પર;
ત્યારે જ વિશ્વ આખામાં, ટકે શાંતિ નિરંતર.
સંતો ને સેવકો ભેળા થઈ અધ્યાત્મ લક્ષ્યથી;
દોરે ભોળી પ્રજાઓને તો વિશ્વશાંતિ કાયમી.
તેથી એ બેઉની રક્ષા ને પૂજા ક્ષત્રિયો કરે;
તેવાઓને સદા સતાસ્થાને રાખે પ્રભુ ખરે.
સંસ્થાના માધ્યમે કિંતુ લોકોને સેવકો લઈ;
ક્રાંતિપ્રિય ખરો સાધુ સાધે તે કાર્ય ધર્મથી.
ગરીબાઈ ગણી પ્યારી રહે જે દ્વિજ સેવક;
ત્યાગે પ્રેમે કરે સેવા સદા આમસમાજની.
લગામ સર્વ ધર્મોની રહે સંતો દ્વિજો કને,
વ્યક્તિ સમાજ સર્વત્ર અહિંસા મુખ્ય આચરે.
સૌને જો સાંકળે સંતો હિંદે અધ્યાત્મ નૈતિકે;
તો તે રીતે જગે નક્કી ફેલાશે સત્ય ધાર્મિક.

(શાર્દૂલવિક્રીડિત)

રાજ્યે દંડ પ્રજા મહીં સુગઠના દ્વિજો મહીં ત્યાગતા;
સંતોમાં તપ–તેજની વિપુલતા એ ચાર ભેગાં થતાં;
તો તો ભારતમાં ફરી વિલસતી સત્-સંસ્કૃતિની પ્રભા;
ને આખા જગને પ્રભાવિત કરે શાંતિ બનાવે સ્થિરા.

(અનુષ્ટુપ)

સ[illegible]યદંડે બને એવું દિસે બાહ્ય કઠોરતા;
ભીતરે મૃદુતા કેરો કિંતુ સ્રોત વહે તિહાં.
સંત દ્વિજ તપ ત્યાગ ને પ્રજામત જો ભળે;
તો થાયે મૃદુતાની ત્યાં બાહ્ય ભીતર એકતા.
ન્યાયરક્ષા અનિવાર્ય સ્વસ્થ સમાજ સ્થાપવા;
કિંતુ થયેલ જે એથી સ્થૂલ પાપ ટાળવા;
કરવા પડતા યત્નો બાહ્યાભ્યંતર ઉભયે;
વારંવાર ટકે જેથી વિશ્વશાંતિ કાયમી.

## ૬. રામરાજ્ય

દશરથ તણો પુત્ર, કિંવા તે અન્ય છો રહ્યો;
ન્યાય નિષ્ઠુર રામ, વ્યક્તિ-દ્વેષ ન રાખતો.
છે રામરાજ્યનો સાર, હિંસા લક્ષે ન કો લડો;
પહેલાં જાતે ન્યાયી થઈ, પછી અન્યાયને હણો.

## ૭. ભારતીય સંસ્કૃતિ

ઊંચા વિચાર ચારિત્રે, આકર્ષાતી પ્રજા જગે;
તેવી પ્રજા થકી રાષ્ટ્રે, સંસ્કૃતિ શોભતી ખરે.
ધર્મચ્યુત પ્રજારાજ્ય, ધર્મલક્ષી બનાવવા;
ધર્મલક્ષી બને ત્યારે, તેને હૂંફ આપવા.
સતત સંત-ભક્તોની, સાચી એવી પરંપરા;
ભારતે સાચવી રાખી, તેથી પૂજાય તે સદા.

સંસ્કૃતિ ભારતે મુખ્ય, ધર્મસંસ્થા જિવાડશે;
તો અવશ્ય આ રાષ્ટ્ર, જગદ્ગુરુ સદા થશે.
સાચવી સત્ય ને નીતિ, વર્તે પ્રત્યેક માનવી;
તેવો સમાજ જે રાષ્ટ્રે, ત્યાં ખીલે શ્રેષ્ઠ સંસ્કૃતિ.
પરંપરાથી આવી તે, ભારતી રાષ્ટ્ર-સંસ્કૃતિ;
ક્ષત્રિય, દ્વિજો, સંતો ને, સ્ત્રીઓએ જ સાચવી.
પતિ ચૂકે છતાં સાથે, રહી સન્માર્ગદર્શિકા;
સંસ્કૃતિ રચતી આમ, ભારતમહિલા સદા.

## ભારતીય સંસ્કૃતિના મુખ્ય આઠ અંગ

### (૧) માતાપિતા, આચાર્ય અને અતિથિની પૂજા

માતા પિતા સખા બંધુ, જે સર્વથી ગુરુ છે મહા;
પરંતુ સત્યની જાણો, ગુરુથીયે મહત્ત્વતા.
વડીલો અલ્પતાવાળાં, હો ભલે તોય તેમની;
આમન્યા પાળવી નિત્ય, મૌલિક સત્ય સાચવી.

### (૨) અનાક્રમણ

અનાક્રમણ સિદ્ધાંત, સાચવી આત્મશુદ્ધિથી;
જે નેતા ચાલતો તેની, પ્રજા પામે સદુન્નતિ.
આ ભારત કદી યુદ્ધ, યુદ્ધ માટે નહિ કરે;
ફેડવા જગ-અન્યાયો, ખેલે છે તે નિત્ય યુદ્ધને.

### (૩) તાદાત્મ્ય અને તાટસ્થ્ય

આપવી પ્રેરણા શ્રેષ્ઠ, લઈ કામ બધા કને;
તાદાત્મ્ય તે સૌથી સાધે, તાટસ્થ્ય તોય ના ચૂકે.

રહે તટસ્થ નિર્લેપી, છતાં તન્મય સર્વમાં;
તેવાં સંતબળો નિશ્ચ, જરૂરી જગમાં સદા.
સર્વ ગુણ મહીં શ્રેષ્ઠ, છે સદ્‌ગુણ તટસ્થતા;
જગે સક્રિય ને સાચી, દુર્લભ છે તટસ્થતા;

### (૪) અનાયાસ આયાસ

શકુંતલા અનાયાસે, કણ્વ મહર્ષિ આશ્રમે;
આવી તો તેને હૂંફ, આશ્રમે આપવી ઘટે.
સે'જે આવી ચઢે જ્યારે, કાર્ય નિસર્ગનિમિત્ત;
ત્યારે તેને ધરી ધૈર્ય, પાર પાડવું નિશ્ચિત.
જ્યાં જ્યારે જે અનાયાસે, સારું-માઠું મળે કંઈ;
રાખે સંતોષ યત્નાર્થી, જગે તે શ્રેષ્ઠ માનવી.

### (૫) માતૃપૂજા

આભ, વા, અગ્નિ, પાણીથી, ભૂમિ ભાર વધુ ખમે;
ધરાશી સ્ત્રી ખમે આપદ, તેથી પૂજ્ય સદા જગે.
ન ચૂકે શીલ પ્રાણાન્તે, વાસનાના નિમિત્તમાં;
પાપીમાં પુણ્ય રેલે તે, સ્ત્રીજાતિ પૂજ્ય સર્વદા.
નારીશક્તિ મહાશક્તિ, પુરુષ-પ્રેરિકા બને.
વહે કુમાર્ગમાં જો તે, તો સર્વનાશ નોતરે.
મહિલા છે મહાશક્તિ, વિશ્વને દોરશે અહો;
જો એ મહાન શક્તિનો, સદુપયોગ થાય તો.

### (૬) શીલનિષ્ઠા

સેંકડો આફતો આવે, હજારો લાલચો ભલે;
સત્ય શીલ હશે જેનું, તેને કશું નહિ નડે.

રહેવું શીલપ્રેમીને, જ્યાં હતું વસમું સદા;
ત્યાં બન્યાં શીલસંગી સૌ, વિધિની શી વિચિત્રતા.
દેહથી ન થતું માત્ર, શીલરક્ષા-પરીક્ષણ;
તો ત્યાં કેમ ટકે દેહે, વિધિનિષેધ-બંધન?
ન બ્રહ્મચર્યની નિષ્ઠા, પ્રતિષ્ઠિત થશે જગે;
ત્યાં લગી શસ્ત્રપૂંજીની પ્રતિષ્ઠા નહિ તૂટશે.
'ન હાર ઓળખું ભાઈ, કંકણોને ન ઓળખું;
ઓળખ્યાં ઝાંઝર મેં તો, રઘુનાથ ખરું કહું.
નમતો નિત્ય માતાને, ભક્તિભાવથી પ્રભાતમાં;
તેથી જ ઓળખાયાં આ, ઝાંઝરો જાનકી તણાં.'
ન ચૂકે શીલ પ્રાણાન્તે, વાસનાળા નિમિત્તમાં;
પાપીમાં પુણ્ય રેલે તે, સ્ત્રીજાતિ પૂજ્ય સર્વદા.
જાનમાલ પ્રજા કેરાં, રક્ષવાં રાજ્યકાર્ય છે;
પોષવાં શીલ, સ્વાતંત્ર્ય, તે પણ રાજ્યકાર્ય છે.
જાણીને ના કરો ભૂલ, અજાણતાંય ના કરો;
છતાં થઈ જાય તો તે, ખોળીને જાગૃતિ ધરો.
તો તમે નિશ્ચય ધ્યેયે વધીને પાર પામશો;
પરંતુ પળની તેમાં, અજાગૃતિ ન રાખશો.
જનની અંગનો છાજે, દુરુપયોગ ના કદી;
દુરુપયોગથી થાય, સાધનાની અધોગતિ.
સર્વ નારી ગણે માતા, સદા ઝંઝા મહીં સ્થિર;
રહે દુઃખો વિશે રાજી, યોગી સહજ ને સમ.
સ્વર્ગથી ન ચળ્યો પાર્થ, ન ડગ્યો આપદા મહીં;
વંદ્ય ને ધન્ય યોગી તે, ન ડોલ્યો ઊર્વશી થકી.

### ૭. સત્યનિષ્ઠા

સત્યનિષ્ઠા પડે ઢીલી, ન અભિમાન પાંગરે;
ઝટ લાપોટ લાગે ન, નિસર્ગ વિફરી પડે.
સત્ય તેમ સદા જીતે, અસત્ય હારતું રહ્યું;
સત્યનિષ્ઠા ડગે કિંતુ, ત્યાં અસત્ય જીતી જતું.

### ૮. પ્રમાણિકતા

પ્રમાણિકપણું છોડી, આચરે દંભ જે ખરે;
છો લાભે કીર્તિ કે જીત, અંત તો સૌ ખરી પડે.
પ્રમાણિકપણે જેને, માંડ આજીવિકા મળે;
છતાંય સંસ્કૃતિ માટે, મથે ખરો ગૃહસ્થ તે.

## ભારતીય સંસ્કૃતિની વિશિષ્ટતા

(ઉપજાતિ)

આ દેશની સંત-પરંપરાએ
સાથે લીધી ભારતની પ્રજાને
સર્વધર્મ દ્વારા જગ-પ્રેમ જીતી
યુગે યુગે વર્ણ વિશુદ્ધિ કીધી.

(અનુષ્ટુપ)

મહર્ષિ મુનિઓ કેરી તેથી અહીં પરંપરા;
વર્ષોથી ચાલી આવી છે એવી આ ભારતની ધરા.
સત્‌લક્ષી આર્યભૂમિ જ્યાં શીતાપણ સમ વર્તતા;
એવા ભારતમાં બ્રહ્મચારી શુક જ જન્મતા.

તેવા ઋષિમુનિઓનું ભારત તેથી વિશ્વમાં;
ધર્મમૂર્તિ ગણાયે છે વિશ્વગુરુ બને સદા.
વશે સૌ વિશ્વ વિભૂતિ રિદ્ધિસિદ્ધિ ય જેહના;
તે પ્રભુ જ્યાં થતા મૂર્ત તે સદા ધન્ય ભોમકા.
એવી જ ભોમકા એક જગે અજોડ ભારતી;
દૈત્યતા પશુતા વોંણી માનવતા જહીં ખીલી.
કૈં અજ્ઞ-અપરાધીના અપમાનો ગળી જઈ;
જ્ઞાનમાર્ગે ચઢાવે આ સંતોની ભારતી ભૂમિ.
સંયમલક્ષી તપ જ્યાં માનવી દૈવી યોગથી;
જન્માવે ધર્મ્ય-સંતાનો એ જ આ ભૂમિ ભારતી.
પ્રસવે કૂખ જેઓની આકર્ષી ખુદ ઈશને;
પાકે એવી મહા સ્ત્રીઓ ફક્ત ધર્મિષ્ઠ ભારતે.
હિંદે જન્મેલ જે સ્ત્રીઓ જન્માવે ઋષભાદિને;
તે હિંદ વિશ્વશાંતિને શીઘ્ર લાવી ન ક્યે શકે?

## ૯. ધર્મ

આંતરિક સદા શાંતિ, ધર્મનું મુખ્ય એ ફળ;
આબાદી તો વધે બાહ્ય, પાકતાં કાળનું બળ.
પ્રતિદાન નથી શબ્દ, ધર્મના શબ્દકોશમાં;
પ્રતિદાન વિના જેમ, મળે સુખ અનંત ત્યાં.
રૂડા કર્તવ્યનો ચેપ, ચોમેર શીદ ન ફેલતો;
જો સદ્ધર્મે ફના થવું, એ મંત્ર અમલી થતો!

અહિંસા-સત્યમાં છે ના, પરાજિતપણું કદા,
કેમ કે આખરે જીતે અહિંસા-સત્ય સર્વદા.
ધર્મયુદ્ધ જ્યાં અનિવાર્ય ત્યાં અવશ્ય તે કરવું જ પડે;
કિંતુ યુદ્ધ ન થાય કદીયે તેવું સહુએ રે'વું ઘટે.
કારણ યુદ્ધ જાનમાલ-હાનિનાં જોખમ ઘણાં રહ્યાં;
અહિંસક મર્ત્ય સમાજ રાખવા અયુદ્ધ ભાવો પ્રિય ગણવા.

(અનુષ્ટુપ)

જ્યાં જેવો હુમલાખોર, ત્યાં તેવો થાય સામનો;
અંતે સત્ય-અહિંસાની, દિશા જીતતી આખરે.
હુમલાકારની કક્ષા, ને કક્ષા યુગ-મર્ત્યની;
થતી તે ઉભયે જોઈ; અહિંસા-સત્યની ગતિ.

(સવૈયા એકત્રીસા)

મુખ્ય તમોગુણી જ્યાં હો, કિંવા રજોગુણી ઘણાં;
સદ્ધર્મી પુરુષાર્થીઓ, અંતે જીતી જશે તિહાં.
આમૂલાગ્ર જગત-શુદ્ધિ, કાજે શસ્ત્ર-પ્રયોગ જો;
જાતે પ્રભુ કરે તોય, જગત-શુદ્ધિ થતી ન તો.
શાને શસ્ત્ર-પ્રયોગોને, ચાલુ રાખો મનુ-સુતો;
હિંસાનો માર્ગ અંતે તો, નકામો નિષ્ફળ થતો.
જ્ઞાની તેથી કહે નિત્ય, સફળ અહિંસા ખરે;
અહિંસા ધર્મ છે શ્રેષ્ઠ, તે માની સર્વ ચાલજો.
નિરપેક્ષ પરં સત્ય, સાપેક્ષ કૃતિમાં બને;
તાળો બંનેય સત્યોનો, સૌના સાથ થકી મળે.

વાણીમાં નિત્ય માધુર્ય, સાથે મૌલિક સત્ય હો;
ઝૂઝો અસત્ય સામે સૌ, વિશ્વ-પ્રેમ ન વીસરો.
જય-પરાજયો બાહ્ય, ભવાબ્ધિમાં ઊઠે શમે;
પરંતુ સત્યનું પેટ, કદાપિ છલકે ન તે.
પ્રજા રાજ્યથી મોટી પ્રજાથી મોટું સત્ય છે;
માટે જ સત્યની રક્ષા, પ્રાણાન્તે કરવી પડે.
સદા સર્વોપરિ સત્ય, વ્યક્તિમાં ને સમષ્ટિમાં;
તેથી જ સત્ય સારુ, છો પડે સૌ ઉવેખવાં.
રોજી-રોટી તથા ન્યાય પામે પ્રત્યેક પૂરેપૂરાં;
તો રક્ષાય અહિંસા ને, સત્ય બંનેય સે'જમાં.
માતા, પિતા, સખા, બંધુ, તે સર્વથી ગુરુ છે મહા;
પરંતુ સત્યની જાણો, ગુરુથીયે મહત્ત્વતા.
પિતૃઆજ્ઞા, ગુરુઆજ્ઞા, આજ્ઞા સર્વ વડીલની;
તે સૌમાં સત્યની આજ્ઞા, સર્વશ્રેષ્ઠ સ્વીકારવી.
વિવેકબુદ્ધિથી સત્ય, હૈયામાંથી જડી જશે;
સુણજો વિનયે સૌને, આચરજો સ્વ-સત્યને.
સત્યનો એકડો ન જ્યાં, બધાં મીંડાં થતાં વૃથા,
તેથી જ સાચવી સત્ય, કરજો સર્વ સાધના.
અસત્યો ને અસત્યો, લડે ત્યાં સત્ય ઊંઘતું;
લડાય સત્યને ઓઠે, ત્યાં નક્કી સત્ય જીતતું.

ઘણા મોટા થયા વિશ્વે, આખરે મૃત્યુ પામ્યા;
માટે જ જન્મીને વિશ્વે, કરવી સત્યની સાધના.
પ્રત્યેક કોમ ને રાષ્ટ્રે, સત્ય અસત્ય બેઉ છે;
વિશ્વે સંસ્થાપવું સત્ય, એ જ આપણું કૃત્ય છે.
તેજોદ્વેષી મરે જાતે, દેવા ઝાંખપ અન્યને;
કિંતુ અંતે જીતે સત્ય, ઝાંખપ ના ટકી શકે.
જયે થજો ન ગર્વિષ્ઠ, હારમાં ધૈર્ય રાખજો;
મથજો સત્યને નિશ્ચે, એવા સદા જયી થજો.

### (૩) ન્યાય

**દશરથ તણો પુત્ર કિંવા તે અન્ય હો રહ્યો:**
**ન્યાય-નિષ્ઠુર રામ વ્યક્તિ-દ્વેષ ન રાખતો.**

સમો લાગુ પડે ન્યાય, નારી ને નર બેઉને;
પક્ષપાતે પડે જ્યારે, ત્યારે રહે સમો ન તે.
ન્યાય-પલ્લું વધે એક, ત્યારે બીજું વધારવું;
થશે તો જ સમો ન્યાય, અવશ્ય યાદ રાખવું.
પોતાની વાત હોયે ત્યાં, અતિ આગ્રહ ન રાખવો;
સત્ય ને ન્યાયમાં પણ, ભૂલનો ભય જાણવો.

(વંશસ્થ)

અન્યાય પે'લો ઘરથી શરૂ થઈ ને,
વ્યાપતો વેગથી વિશ્વમાં પછી;
માટે જગે ન્યાય ખરે જ ઇચ્છશો,
તો પે'લ એની ઘરથી કરો તમે.

(વસંતતિલકા)

સત્તા અને ધન તણો મદ રોકવાને,
સામું તટસ્થ બળ નિસ્પૃહ જ્યાં ખપે છે.
સક્રિય તે યદિ યથાર્થ રહે સમાજે,
તો મર્ત્યજાતિ મહીં (ન્યાય) ધર્મ ટકે સદાયે.

(અનુષ્ટુપ)

ગૌરવ-ન્યાય-સંપન્ન, આજીવિકા વિશુદ્ધને;
આત્મકિરણરૂપે, આત્મ-વિચાર ઉદ્ભવે.

### (૪) બ્રહ્મચર્ય

સૌ આશ્રમો નદીરૂપ, ને બ્રહ્મચર્ય સાગર;
બ્રહ્મચર્યથી સીંચજો, વિશ્વે સમગ્ર જીવન.
આત્મા મુખ્ય જગે બીજું બધું ગૌણ બનાવવા;
એક બ્રહ્મ કહ્યું સત્ય, બાકી બધું જગદ્વૃથા.
આત્મામાં સ્થિર ન થાય, ત્યાં લગી કાયમી મન;
ત્યાં લગી મન માયામાં, વળગ્યું રે' ચિરંતન.
કામ-ક્રોધાદિ છે શત્રુ આત્માના મુખ્ય તે ખરા;
અંકુશે તેમને રાખી અંતે ક્ષીણ કરો ભલા.
સ્વવાસના ક્ષયાર્થે જે, જીવે છે જગ હેતુએ;
સત્યનિષ્ઠ રહી સૌનો, વિશ્વાસપાત્ર વીર તે.
શિવ નારદ જેવા મહેશ્વરોય કાળથી;
ન ચેતતાં પડ્યા હેઠા ચેતી પાછા ચડ્યા ફરી.
માટે ચેતી સદા ચાલે સત્યાર્થી પ્રભુનિષ્ઠ તે;
પ્રભુ ગુરુકૃપા સાથે નક્કી ભવાંત તે કરે.

જાણ્યા વિનાનું વિષયી રહસ્ય;
સ્વીકારી લે જે વિષયે વિરક્ત.
વચ્ચેથી પાછા વિષયે વળીને;
પડી જતા ભોગની ખાઈમાં તે.

રહસ્ય વિષયો કેરું, જાણી નિર્લેપ જે રહે;
છતાં સમત્વ એકત્વ, સાધવા વિષયે વહે.

તે જ સાચી વિરક્તિના, સ્વામી બની શકે જગે;
સક્ત છતાં અનાસક્ત સંપૂર્ણ સંત તે જ છે.

સિંચાયું મૂળ વર્ણોનું, આશ્રમો ચારથી અહીં:
તે ચારમાંય છે મુખ્ય, બ્રહ્મચર્ય પ્રશં કરી.

સર્વ આશ્રમોનો પાયો, ને ધ્યેય બ્રહ્મચર્ય છે;
તેને જ સાધવા નિશ્ચે, રાખો સહજતા મુખે.

બ્રહ્મચર્ય તણા અર્થો, સંકીર્ણ ન કદી કરો;
વિશાળ અર્થથી એને, સાધી સૌને સધાવજો.

ન બ્રહ્મચર્યની નિષ્ઠા, પ્રતિષ્ઠિત થશે જગે;
ત્યાં લગી શસ્ત્ર-પૂંજીની, પ્રતિષ્ઠા નહિ તૂટશે.

વિશ્વસમાજમાં વ્યાપ્ત, કરવા બ્રહ્મચર્યને;
નવાં રૂપ હવે મૂક્યો, તેનાં સ્વીકારવાં ઘટે.

મોખરે સ્ત્રી-પ્રતિષ્ઠાને, લાવવા યત્ન સૌ કરો;
ને બ્રહ્મચર્યની સાચી, નિષ્ઠાને વિશ્વમાં ભરો.

(૫) અપરિગ્રહ

પરિગ્રહ જ રહે માત્ર, મહાજન સુપાત્રમાં;
એ માર્ગે ચાલે સૌ તો, પડે સમાજ ખાડમાં.

## ૧૨. ધર્મનાં પેટા અંગો

### [૧] નિયમ

નિયમો પાળજો પ્રીતે, કિંતુ હાર્દ ન ચૂકશો;
હાર્દ ચૂકે વૃથા જશે, સઘળાં નિયમો–વ્રતો.

અપવાદો ભલે હો, નીતિ–નિયમે સદા;
અપવાદો ન હો કો દી, મૂળ આશયમાં કદા.

નિયમોની ન લો છૂટ, અપવાદે ઘડી ઘડી;
લો શુદ્ધ આશયે છૂટ, તોય તપ કર્યા પછી.

### [૨] વ્રત

પસ્તાવું પડે ખૂબ, વ્રતભંગ થયા પછી;
તો પ્રથમથી કાં ચેતી, વ્રતમાં વર્તવું નહિ.

દેખાય વ્રતધારી ને, મનમાં વાસના ભરી;
તો તેવા વ્રતધારીથી, અંતે નક્કી થશે ક્ષતિ.

## ૧૩. વ્યવહાર અને ધર્મ

જેમ દેહે અને દિલે, રહે છે એક દંપતી;
વ્યવહાર અને ધર્મ, તેમ બંને જુદા નથી.

કિંતુ એ બેયનો તાળો, જ્યારે કશો નહીં મળે;
વ્યવહાર અને દેહ, ત્યારે ગૌણ થઈ પડે.

## ૧૪. સ્વધર્મ

અંતર્નાદ થકી જાણે, માનવી જે સ્વધર્મને.
તેવો સ્વધર્મ બીજાં કો, સાધનોથી જણાય ના.
હર્ષ-શોક તરંગો-શા, ઊઠીને શમતા બધા:
રહે છે શેષ આનંદ, ત્યાં સ્વધર્મ ગણો સદા.
આપ મૂઆ વિના સ્વર્ગે, કોઈથી જવાય ના કદી:
તેમ સ્વધર્મ પોતાથી, પળાય ન કદી અન્યથી.
ખાંડાની ધાર સ્વધર્મે, સહેલું છે જાવું એકલું:
કિંતુ સમાજ સાથે હો; દોહ્યલું તોય તે ભલું.
પ્રતિષ્ઠા પ્રાણ ને બીજાં, સાધનો સર્વ ત્યાગવાં:
સદા તૈયાર જે તેઓ, નક્કી સ્વધર્મ સાધતાં.

## ૧૫. સમાજધર્મ

પરિગ્રહ જ રહે માત્ર, મહાજન સુપાત્રોમાં:
એ માર્ગે ચાલે સૌ તો, પડે સમાજ ખાડમાં.
સમાજધર્મ રક્ષો તો, થશે રક્ષા તમામની;
વ્યક્તિ, કુટુંબ, રાજ્યાદિ, શોભતાં સર્વ સમાજથી.
સમાજે સ્થાપવા ધર્મ, સંતો કદી કરે ક્ષતિ:
પ્રાયશ્ચિત્ત લઈ પાછું, સાધશે શીઘ્ર ઉન્નતિ.

## ૧૬. આશ્રમધર્મ

શકુંતલા અનાયાસે, કણ્વ મહર્ષિ આશ્રમે:
આવી તો તેને ટૂંક, આશ્રમે આપવી ઘટે.

સર્વ આશ્રમોનો પાયો, ને ધ્યેય બ્રહ્મચર્ય છે:
તેને જ સાધવા નિશ્ચે, રાખો સહજતા મુખે.
ગુણોમાં શ્રેષ્ઠ હોય તે, વર્ણોમાં શ્રેષ્ઠ માનવો
આશ્રમોમાંય તે રીતે, સત્ય સદા સ્વીકારજો.

## ૧૭. વર્ણધર્મ

(ઉપજાતિ)

સંસ્કાર દેનાર મનુષ્ય વિશ્વે,
સુપાત્ર ને સેવક બ્રાહ્મણેય તે:
ખુદ પ્રભુના પૂજનીય હોય,
તેથી જગે ઉત્કૃષ્ટ સ્થાન તેહનું.

(અનુષ્ટુપ)

વર્ણોમાં બ્રાહ્મણ શ્રેષ્ઠ, રક્ષે સમાજ-સંસ્કૃતિ;
વૈદક, ન્યાય કરે સોંઘાં, ત્યાગ ને બ્રહ્મચર્યથી.
જાન-માલ સદા રક્ષે, પ્રજાનાં ક્ષત્રિયો અને:
વૈશ્યો, શૂદ્રોય બાકીની, સેવા બજાવતા જગે.
આ રીતે જ રહી આખો, મર્ત્યસમાજ પ્રેમથી;
શાંતિથી જીવીને અંતે, મોક્ષે જાય પ્રયત્નથી.

(ઉપજાતિ)

સંતો પછી બ્રાહ્મણ ક્ષત્રિયો કરે,
સમાજ-સંસ્કાર તણી સુરક્ષા:
સંતો તથા બ્રાહ્મણ માર્ગદર્શને,
ચાલે ન તે ક્ષત્રિય જીવતે મૂઆ.

(અનુષ્ટુપ)

સાચા ક્ષાત્રગણો પેદા કરવા જમદગ્નિએ;
ભગવદ્ભાવ સાથે જ, કર્યાં અનેક યત્નને.

ક્ષત્રિય રક્ત—સંબંધો, સ્વર્ગીય અપ્સરા થકી;
નીપજ્યા એક બાજુએ તેમ ઋષિગણો થકી.

નીપજ્યા અન્ય બાજુએ, તેથી ઉભય વર્ણનો
થયો વિકાસ એ એથી ક્રમશઃ મર્ત્ય—જાતિનો.

### વર્ણધર્મનાં ગુણકર્મ

શમ, દમ, ક્ષમા, શૌચ, સરળતા અને તપ;
આસ્તિક્ય, જ્ઞાન, વિજ્ઞાન, સ્વભાવે બ્રહ્મકર્મ છે.

ન પાછી પાની યુદ્ધે, ને શૌર્ય ને દક્ષતા, ધૃતિ;
દાન ઐશ્વર્ય ને તેજ, સ્વભાવે ક્ષાત્રકર્મ છે.

ખેતી, વેપાર, ગોરક્ષા, વૈશ્યકર્મ સ્વભાવથી;
તેમ સેવા-ભર્યાં કર્મો, શૂદ્રોનાંય સ્વભાવથી.

ગુણોમાં શ્રેષ્ઠ હોય તે, વર્ણોમાં શ્રેષ્ઠ માનવો;
આશ્રમોમાંય તે રીતે સત્ય સદા સ્વીકારજો.

### ૧૮. ગૃહસ્થધર્મ

પ્રમાણિકપણે જેને, માંડ આજીવિકા મળે;
છતાંય સંસ્કૃતિ માટે, મથે ખરો ગૃહસ્થ તે.

સત્ય, સંયમ ને સેવા જે લગ્ને એ ત્રણે હશે;
તો જ લગ્ન આદર્શ, ગૃહસ્થાશ્રમ સર્જશે.
પહેલું સંતાન છે ધર્મ્ય, અપવાદે ભલે બીજાં;
ગૃહસ્થધર્મમાં નિત્યે, આ સત્યો સાચવો બધાં.

## ૧૯. ધર્મી

ધર્મીને ધાડ; ઘી-કેળાં, અધર્મીને અહા ! જુઓ,
કિંતુ અંતે જીતે ધર્મી, હાર પામે અધર્મીઓ. ૧
બીજાને કાજ જે પ્રાણો, અર્પે ધર્મપરાયણ;
મર્ત્ય સમાજને તેઓ, રાખે સદા સજીવન. ૨
નિસર્ગ ખોળલે બેસી, વેઠે અસાધ્ય સંકટો;
છતાં રહે સદાનંદી, ધન્ય તે ધર્મજીવીઓ. ૩
કર્તવ્યાનંદ પોતે લે, ને અર્પે યશ અન્યને;
સહજ જીવનો એવાં, ધર્મિષ્ઠોનાં સદા વહે. ૪
પ્રથમે લાલચો આવે, બરાબર ટકી રહે;
તોય ધર્મી ફરી પાછો, નબળો જો કદી પડે. ૫
તો પછી લાલચો આવે, બની વિવિધ રંગિણી;
ધર્મીને પાડતી માટે, નિત્ય જાગૃતિ રાખવી. ૬
છેદો ચંદન તોયે તે, સ્નેહભરી સુવાસ દે;
મૃત્યુદાતા અધર્મીમાં, તેમ ધર્મી સુધા ભરે. ૭
ધર્મી-અધર્મીનો ભેટો, સર્વ સ્થળે થઈ જતો;
આકર્ષણ અનાયાસે, સ્વ-જાતિને સ્વજાતિનો. ૮

## ૨૦. યુગપુરુષ સર્વાંગી ક્રાંતિકાર

ઓમેર પૂર આવે ત્યારે, સ્થિર કોણ રહી શકે:
મોટા મોટા ડગે માત્ર, યુગપુરુષ ના ડગે. ૧

યુગપુરુષનાં સંગી, જનોનાં વેણ સર્વદા:
પાળવા સારૂ આ વિશ્વે, તત્ત્વો સજ્જ રહે બધાં. ૨

છે ચમત્કારની નિષ્ઠા, અનર્થ મૂળ વિશ્વનું;
યુગજનો હણે એને, કરે ચારિત્ર ઊજળું. ૩

સંપદ પ્રાણને છોડી, પ્રતિષ્ઠા આદિ સર્વને;
સાથની પરવા ત્યાગી, પ્રાણાન્તે લડતા રહે. ૪

વિશ્વહિતેચ્છુ સત્યાર્થી, ને મહાન પુરુષાર્થી જો;
એક પુરુષ જાગે ત્યાં, તો તે દેશ બચી જતો. ૫

રહે અજ્ઞાત સુકર્મો, ત્યાં લગી સ્વાદ માણતાં;
કિંતુ પંકાય વિશ્વે તો, તે ઉદાસીન થૈ જતાં. ૬

મહાન માનવી એવાં, જગના થાંભલા બની;
મર્ત્ય-સમાજમાં રાખે, દિવ્યતા સ્થાયી સાચવી. ૭

જગે જન્મી પ્રભુ રૂપે, બને કો વિશ્વ માનવી;
ત્યારે તેના ચિરસાથી, તેને પે'લા જતા તજી. ૮

પ્રભુ તાબે રહે ભક્ત, પ્રભુયે તેમ ભક્તને;
આધીન રહીને ચાલે, બંનેનો ધર્મ એક એ. ૯

પૂર્ણ સફળતા પામે, યુગકાર્ય વિભૂતિનું;
નિરંતર ઉમેરાય: જેમ જે સાથીઓ તણું. ૧૦

## ૨૧. ક્રાંતિકાર મહારથી

એક એક થકી ઊંચા, શૂરા સર કરી નર:
ક્રાંતિના પડકારોને. ઝીલી બને મહા નર.
સાધે વને ગૃહી ધર્મ, ને સંન્યાસ ગૃહે રહી:
બંનેય આશ્રમોનો તો, મર્મ પામે મહારથી.
દૈવી ને રાક્ષસી સૃષ્ટિ, જે કરે વશ માનવી:
નિખિલ જગ જીતી તે, બને યુગ મહારથી.
પૂરો પ્રેમ હિસે રાખી, આ સામાજિક ન્યાયને:
સહાય સાચવે જાગી, ક્રાંતિ સૈનિક તે બને.
જે આસક્ત લઈ ઓઢું, સદાચાર-પ્રચારનું:
ઉતારી પાડતા, ક્રાંત સંત પ્રયોગકારને.
ત્યાં ઘડે, કાંકરા પેઠે, જનતાનો જનાર્દન:
ઉઘાડા પાડીને સૌને, પૂજાવે સત્ય આ જગે.
યોગી કદી ન મોહાય, સાધનાજન્ય સિદ્ધિમાં:
કેમકે ક્રાંતિ સાચી તો છે ત્યાગમાં, ન ભોગમાં.

જે અનાયાસ આયાસ, ને તાદાત્મ્ય તટસ્થતા:
સાધે જીવનમાં પૂરા તે પામે પૂર્ણ સાધુતા.
જે પામેલ છે આવી, પ્રવૃત્તિલક્ષી નિવૃત્તિ:
તે ક્રાંતિપ્રિય સંતોથી, થતી સર્વ ધર્મ સ્થાપના.
સમર્થોને નથી દોષ, કેમકે તેમનાં બધાં:
કાર્યો સ્વ-પર શ્રેયાર્થે, એકે એક જ સીઝતાં.

કઠોર સાધના સિદ્ધ, એવા સમર્થ જે કરે:
સારું-માઠું ભલે તો યે, વિશ્વ-શ્રેયાર્થે તે કરે.
કિંતુ અંધ ઘટે ના કૈં અનુકરણ એમનું;
ઊર્ધ્વીકરણના યત્ને, છો પડે સરખાવવું.
છે કહેવાયું તથી જે છે, 'કે સમર્થ વિભૂતિનું;
કર્યું તેવું કરો ના કો,' કહે તેવું કરો સહુ.

(સવૈયા એકત્રીસા)

મર્ત્ય-સમાજે ધર્મ-પ્રતિષ્ઠા, જેથી વ્યક્તિ સ્વતંત્રત
સાચે માર્ગે વ્યક્ત થતી ત્યાં, નીતિ ન્યાયની વિશેષત
આવે કારણે જરૂર પડે છે, વિરલ વિભૂતિની જ્યારે
સુજન વ્યક્તિઓ સમાજ સાથે, સફળ યત્ન કરતી ત્યારે

(અનુષ્ટુપ)

પ્રભુ પણ બને દેહી, સર્વહિતાર્થ વિશ્વમાં:
તો રહે કેમ ધર્મિષ્ઠો, વિશ્વશ્રેય કર્યા વિના.
ક્રાંત વિભૂતિ સંકષ્ટો, આખા વિશ્વ તણાં સહે;
સર્જે સુધાભર્યું વિશ્વ, પોતે ઝેર બધાં વહે.

## ૨૨. રાજાશાહી

પ્રજાને પૂજ્ય માની જે, ચલવે રાજ્ય રાજવી;
રાજાશાહી થશે ખાખ, તો પ્રજાયજ્ઞમાં જલી.
સત્તા ને સંપદા પામી, નમ્ર નિર્લેપ જે રહે;
સર્વ દેશે તથા કાળે, રાજવી તે જીતી જશે.

તજીને મદ પોતાનો, પરનો મદ તોડવો;
સમ્રાટપદ તે સાચું, સાધે તે રાજવી ખરો.

રાજા ન થાય સત્તાથી, કે બાહ્ય વિજયો થકી;
પ્રજા-દિલો જીતે પૂરાં, પછી તે થાય ભૂપતિ.

જે રાજા તંત્રમાં મુખ્ય, તેવા એ રાજતંત્રમાં;
ઊંચું ચારિત્ર રાજાનું, અવશ્ય હોવું ઘટે.

## ૨૩. લોકશાહી

લોકશાહી અપેક્ષે છે, પ્રજામાં નિત્ય જાગૃતિ;
સર્જે સરમુખત્યારી, બેપરવા પ્રજા બની.

જે રાજ્યમાં મળે પૂર્ણ, સર્વ રીતે સ્વતંત્રતા;
તે રાજ્યની પ્રજામાંહી, જોઈએ જાગરૂકતા.

પ્રજા-જાગૃતિ જો આવી, ન રહે લોકરાજ્યમાં;
તો તે રાજ્ય પ્રજારાજ્ય, તણી પામે ન પાત્રતા.

તેવી જ રીતે પ્રજારાજ્ય, હશે જે લોકતંત્રમાં;
રાખવા સ્વચ્છ ને સ્વસ્થ, તેવી પ્રજા થવી ઘટે.

રાષ્ટ્રને ઘડનારી જ્યાં, પ્રજાશક્તિ ખૂટી જતી;
તો ત્યાં સરમુખત્યારી, આપોઆપ શરૂ થતી.

જાનમાલ પ્રજા કેરાં, રક્ષવાં રાજ્યકાર્ય છે;
પોષવાં શીલ, સ્વાતંત્ર્ય, તે પણ રાજ્યકાર્ય છે.

માટે રાજા ફરે નિત્ય, હાથમાં લઈ મૃત્યુને
પ્રજાતંત્રે પ્રજાએ ય, તેમ જ વર્તવું પડે.

ભૂપસત્તા થકી લોકસત્તા સર્વપ્રિય છે છતાં:
આબાદી ન્યાયરક્ષામાં, જનતંત્રો ન ફાવતાં.
તો જનતંત્રની શ્રદ્ધા, ન લોકે જામતી કદા:
તેથી જ પણ ગુણો તંત્રે, લાવવા સૌ મથો સદા.
રાજ્યતંત્ર નહીં ચાલે, શિક્ષાસૂત્રો થકી કદી:
તંત્ર ચાલે પ્રજાસ્નેહે, પ્રજા પ્રત્યે વર્ત્યા થકી.

## ૨૮. સેનાની વીર

છો શાંતિપ્રિય વીરોમાં, કાયરતા નિહાળતા:
એવા નિષ્ક્રિયની વાણી, વીરો હૈયે ન ધારતા.
ન પૂર્વગ્રહ, ન દ્વેષ, દંભ જેના દિલે નથી,
તેવો સુયોગ્ય સેનાની, ધર્મયુદ્ધ કરી શકે.
સત્તામાં, શસ્ત્રમાં નિષ્ઠા, સાચો વીર ધરે નહિ,
આત્મશક્તિ તણી ભક્તિ, તેની રગેરગે વસી.
ન સ્થળાંતર કે મૌન, અન્યાયો નિવારતાં,
ત્યારે અન્યાય સામે થૈ, વીરો પ્રાણ તજી જતા.
નવ-સમાજનિર્માણ, એવા વીર કરી શકે,
બાકીના સજ્જનો માત્ર, સીમિત સત્યો સાચવે.
બધાં શસ્ત્રો મૂકી હેઠાં, એક નિસર્ગ-આશ્રયે,
જાય છે વીર તેને જ, સંપૂર્ણ જય સાંપડે.
ભોળા વીર જનો જ્યારે, અંજાઈ કુસ્થળે જતા,
સ્વ તથા અન્યનાં શ્રેયો, જોખમાઈ જતાં તિહાં.

## ૨૫. સાચો શહીદ

પૈસો, પ્રાણ, પ્રતિષ્ઠા સૌ, સાચો શહીદ ત્યાગતો,
કિંતુ અવ્યક્ત તત્ત્વોના સહારે પાર પામતો.

## ૨૬. ક્રાંતિ

ખાડા ને ટેકરાવાળો, ક્રાંતિનો માર્ગ દોહ્યલો,
આફતો લાલચો જીતે, તેને તે સાવ સોહેલો.

સર્વાંગી ક્રાંતિ–પંથે તો, જોખમો ખેડવાં પડે,
વિવેકબુદ્ધિને કિંતુ ન છોડવી ક્ષણેય તે.

ચાલો ઘણું છતાં તોયે, ક્રાંતિપંથ ખૂટે નહિ,
માટે જ શીખજો મોજ માણવી ચાલવા મહીં.

ધ્યેયલક્ષી લીધેલાં જે તે વ્રતો પાળવાં સદા,
સૂક્ષ્મ–સ્થૂળ રીતેય, સાચી ક્રાંતિ થશે તદા.

## ૨૭. ધર્મયુદ્ધ

પૂર્વગ્રહ ન દ્વેષ ને, ડંખ જેના દિલે નથી,
તેવો સુયોગ્ય સેનાની, ધર્મયુદ્ધ કરી શકે.

કટ્ટર શત્રુને જ્યારે, વિશ્વાસ બેસતો ઉરે,
સત્યનિષ્ઠા વિશે ત્યારે, ધર્મયુદ્ધ ગણો ભલે.

યુદ્ધે ન નાશતી માત્ર, માનવ, પશુસંપદા,
કૈંક સંસ્કૃતિનાં સ્મરણો, સંગાથે નાશ પામતાં.

માટે જ હિંસ્ર યુદ્ધોમાં, પ્રજાનિષ્ઠા ન હો નહીં,
ધર્મ્ય યુદ્ધ ભલે હોય, તોય તે છાંડવું ભલું.

## ૨૮. શુદ્ધિપ્રયોગ

હિંસાને ના તમો ભાઈ, વિધેય માનશો કદી,
કિંતુ અન્યાયની સામે, અહિંસાથી ઝૂઝો તમે.
શારીરિક સજાથી તો, ગુનાઓ અટકે નહિ,
અપ્રતિષ્ઠિત થકી કિંવા, પસ્તાવે અટકે સહી.
ગુનાની ના પ્રતિષ્ઠા હો, એવી સમાજજાગૃતિ,
થશે ત્યારે જ પસ્તાશે, ગુનેગારો જરૂરથી.
વ્યક્તિનાં પાપ ધોવાનો, એકમાર્ગ સમાજની;
સાચી શુદ્ધિ કરો વિશ્વે, મુખ્ય એ માંગ આજની.
એકીસાથે સડો જ્યારે, વ્યાપે છે વિશ્વમાં બધે;
ત્યારે સૌએ મળી સંગે, શુદ્ધયાર્થે મથવું પડે.

## ૨૯. પ્રતિકાર

ગર્વિષ્ઠ ને ગુરુદ્રોહી, કુસંગી, પાપી ભૂપતિ,
તે રાજ્યે શ્યે રહેવાય, પાપભીરુ પ્રજા થકી?
જે રાજ્યે ન પ્રતિકાર, પાપભીરુ પ્રજા તણો,
ભૂપ પાપી, પ્રજા પાપી, નક્કી તે રાષ્ટ્રનો મરો.
વ્યક્તિ કે જૂથની સામે, સદા પ્રેમ ટકાવજો,
કુનીતિ રીતિની સામે, સદા તમે ઝઝૂમજો.
ગુના વધે ન સંસારે, અપ્રતિકાર કારણે,
રહે છે પ્રતીતિ એવી, સદા સેવક સંતને.

## ૩૦. સાધુ સંત મુનિ ત્યાગી

ધર્મગુરુજનો જ્યારે, વિશ્વપ્રશ્નો ઉકેલશે;
ત્યારે જ વિશ્વમાં ધર્મતત્ત્વનું તેજ ખીલશે.

આ દેશે સાધુ–સંસ્થાની, સદા જરૂરિયાત છે;
અને તેથી પ્રજારાજ્ય, પોતાના હાથમાં રહે.

જગને બોધ દેનારા, સ્વપક્ષે જો ચૂકી જશે;
મોટેરાંનીય તે ખોડ, નાનેરાં કેમ ભૂલશે?

મૂઢ સ્વાર્થે ભૂલી ભાન, દેવને દોષ દે પછી;
ચૂકે કર્તવ્ય મોટાંઓ, ત્યાં નાનાં પાસે આશ શી!

પાઠાફેર કરી વાતો, સૌને રીઝવવા ફરે;
એવા સેવક કે સાધુ, ધર્મની ક્રાંતિ શ્યે કરે?

તપસ્વી ત્યાગીઓ મોટા, જગસ્રોતે તણાય તે;
તો ધર્મક્રાંતિ–પંથે તો, થતા જાણે દુઃખકરો.

ઉપર ધર્મનો સ્વાંગ, ઉરે કામુક સ્વાર્થતા;
એવા દંભી જનોથી સૌ, સાવધાન રહજો સદા.

સર્વ બંધનથી મુક્ત, દૃષ્ટિ વિશ્વહિતેચ્છુ જે;
તે મહામુનિનાં વેણ, સૌમાં સ્વધર્મ પ્રેરશે.

અતિ કઠણ તોય, ત્યાં, સમતા દોર સાધતા;
ગ્રહે પ્રેમ, તજે મોહ, સાધકો–મુનિઓ ખરા.

પરાયા ગુણ પેખે છે, દોષો દેખે નહિ કદી;
પોતાના દોષ પેખીને, કાઢે તે સંતની મતિ.

સંતો કદી ન દે શ્રાપ, પોતાના પીડનારાને;
કિંતુ એ પીડનારાનું, હૈયું એનું સ્વયં પીડે.
વેરનો બદલો આપે, વધુ ને વધુ પ્રેમથી;
સાચા સંતો તણી ખૂબી, તેમાંથી ફળતી ખરે.
સમાજે સ્થાપવા ધર્મ, સંતો કદી કરે ક્ષતિ;
પ્રાયશ્ચિત્ત લઈ પાછી, સાધશે શીઘ્ર ઉન્નતિ.
રહે તટસ્થ નિર્લેપી, છતાં તન્મય સર્વમાં;
એવાં સંતબળો વિશ્વે, જરૂરી જગમાં સદા.
સાચા સંન્યાસીનું મૂલ્ય, આ રાષ્ટ્રે સર્વશ્રેષ્ઠ છે;
કેમ કે ભગવત્ કૃત્ય સંન્યાસીથી બને જગે.
ન વીરતા વિના મોક્ષ, હોવો સજ્ઞાનને ઘટે;
સજ્ઞાન તપ અર્થે તો, પૂર્ણ સંન્યસ્ત જોઈએ.
આત્માર્થી પુરુષોને જ, ભવ-પ્રપંચને વિષે;
ચોમેર ભોગ વચ્ચે જે, પ્રભુલક્ષ્યે રહી શકે.
પુરુષાર્થ થકી નિત્ય, કર્તવ્યકર્મ આચરી;
પ્રભુલક્ષી કરે સૌને, સર્વહિતેચ્છુ સંત તો.
મહામુનિપણે આવું પ્રયોગશીલ જીવન;
જગે ઝંખે સદા દેવો, ને મહામાનવો પણ.
ઉચ્ચ સાધક ને સંત, મહાત્માનેય એકદા;
પસાર હોય થાવાનું, અગ્નિ-કસોટીમાં અહા!
આફતો–લાલચો, બંને કસોટી-પૂર્ણ મુક્તિની;
સ્વ–પર શ્રેય-માર્ગે પસાર કરવી રહી તે.

પરીક્ષા કરનારાઓ, પસ્તાયે આખરે પૂરા;
કિંતુ તવાવું પહેલાં તો, પડે છે સંતને સદા.

સજ્જનોનું કરે બૂરું, તેનું ફળ મળે કટુ;
સજ્જનો તો કરે તેને, કટુને બદલે મીઠું.

સાચા સંતતણી થાયે, શિષ્યોથી અવહેલના;
તોયે તે જીરવી આપે, મીઠી શિખામણો સદા.

પ્રભુશ્રદ્ધા કરી પુષ્ટ સત્સંગ ને ગુરુકૃપા;
સાધી લઈ કરે ક્ષીણ, ક્રોધાદિ દુશ્મનો બધા.

જન્મેલા ક્રોધ–અગ્નિને આત્મ–વિચારવારિએ;
શમાવે જીવ જે દેહે, ત્રિગુણાતીત થાય તે.

અર્પણયુક્ત સંતોનો, સત્સમાગમ જો થશે;
સ્વાન્તઃશુદ્ધિ સાથેનો તો સ્વયં પ્રભુ લાધશે.

બૂઝવે પ્રેમથી એ જે, ક્રોધાગ્નિ અતિ ક્રોધીનો;
ગણાયે સંત તેથી જ, પ્રભુથીય મહત્તમો.

ત્રિગુણાતીત ને રાગ-દ્વેષ બન્ને થકી પર;
તેથી સર્વાંગસંપૂર્ણ સંત સ્વ–પર–મોક્ષદ.

રિદ્ધિ,સિદ્ધિ અને કીર્તિ, પામ્યા પછીય નમ્ર જે;
તેવો તપસ્વી–ત્યાગી તે, વિશ્વમાનવી સ્વયં થશે.

તપસ્વી, સંયમી, ત્યાગી, તેઓમાંય સદૂર્મિ છે;
શુષ્કતામાંય તેથી તે, લેશે ને રસ અર્પશે.

કૃપા તપસ્વી-ત્યાગીની, ઊતરે જીવ ઉપરે;
તો અધોગતિ થકી તેનો, વિશ્વે ઉદ્ધાર સંભવે.

## ૩૧. મહાત્મા‚ ઋષિતાપસ‚ તપસ્વી

થવાની હો મહા ભૂલ, ત્યારે નાની ક્ષતિ પ્રતિ;
આંખો મીંચે મહાત્માઓ, કિંવા ક્ષતિ કરે જતી.
મહર્ષિઓ ભલે વર્ષો લગી સિદ્ધાંતમાં ટક્યા;
કિંતુ જો ચૂકશે ક્યાંક તો થશે સાધના વૃથા.
થોડાનો સંગ છોડીને, સર્વનો સ્નેહ ઝંખતા;
તેવા તાપસ એકાંતે, રહી દુઃખો સહે ઘણાં.
ક્રોધાગ્નિથી તપસ્વીઓ, બાળીને બળતા નથી;
તેમ જ તપ-સંયમ કેરૂં, ફળેય વાંચ્છતા નથી.

## ૩૨. ભક્ત

સ્વભાવે શુદ્ધતા સાચી, જેણે જીવનમાં વણી;
પ્રભુના ઉરમાં પેસે, તેવો ભક્તશિરોમણિ.
શુદ્ધ ભક્તિ કરે બીજા, પોતાના પૂજ્ય પાત્રની;
ત્યારે ખૂબ ખુશી થાય, રીત એ સત્ય ભક્તની.
મંગળ કાર્યોમાં વિઘ્નો, ઊભાં થાય પળે પળે;
પરંતુ ધીર ધર્મિષ્ઠ, ભક્તને તે નહિ નડે.
ક્યારેક પ્રભુથીયે, પ્રભુ-ભક્તો દીસે ચડી જતા;
જાણે ભક્તજનો પાસે, પ્રભુ પોતે કરાવતા.
એવા નિઃસ્વાર્થ મિત્રોના, પાર્થ કૃષ્ણ સમોવડા;
ભક્તો ઇચ્છે જોવા સદા, મોક્ષ તુચ્છ ગણી અહા!

## ભક્ત અને ભકિત

જેને ભક્તિ ખરી જાગી, પેખે સર્વત્ર તે હરિ:
પોતામાં-સર્વ પ્રાણીમાં, જાણે અદ્વૈતતા ભરી.

અંતે તો મુક્તિથી મોટી, છે ભક્તિ ભગવાનની:
સંન્યાસી ને ગૃહસ્થીની, ધારા બે સાધના તણી.

આ બેમાં કોણ છે શ્રેષ્ઠ, તે નિશ્ચ કહેવું દોહ્યલું,
પોતપોતાની કક્ષાએ, બંનેનું જરૂરીપણું.

ભક્તિમાર્ગ જ ઊંચો એ, બીજાં સૌ સાધનો થકી:
સૌ પાપ-પુણ્યથી મુકિત, પમાશે ફક્ત ભક્તિથી.

બન્યો કુસંગથી પાપી ને અધર્મી અજામિલ:
ભગવન્નામથી પાછો, થયો ધર્મિષ્ઠ બ્રાહ્મણ.

અમૃત કરનારું જો, ફકત નામેય થાય જ્યાં:
સહૃદયા દયાભકિત, મોક્ષ દે નવાઈ શી!

ત્યાગી ભોગો ફરી પાછા, ભોગવે પરમાર્થથી:
વિશ્વહિતાર્થ ભકતો તે, ભગવન્મય ભાવથી.

તેવા પરમ ભકતોને, સર્વાંગી પ્રભુતા વરે:
બીજા ત્યાગી પૂરા તોયે, એકાંગી સાધના ધરે.

ભકિત તે કારણે જ્ઞાન, કર્મથી યે મહાન છે:
તો સદા ભકિતનો પાયો, સાબૂત રાખવો પડે.

ઋષિમુનિ પ્રભુતુલ્ય, પ્રભુથી શ્રેષ્ઠ ભકત છે:
તેથી પ્રભુ સ્વયં આવ્યા, સંતો સહિત તદ્ગૃહે.

થતો ઉદ્ધાર ભક્ત–જનોનો સેંજ ભાવથી;
તેથી જ નિત્ય સૌ વાંચ્છે, માત્ર ભક્તિ સ્વભાવિકી.
પ્રભુ પોતે સ્વભક્તોને, પોતાથીયે વધુ ગણે;
તેથી રક્ષા કરે પૂર્ણ, અંબરીષ-કથા ભણે.
સર્વાંગી પ્રભુના ધ્યેયે, બાકી ગૌણ બધું ગણે;
તે જ વ્યષ્ટિ–સમષ્ટિનું, સ્વ–પર શ્રેય સાધશે.
ચાહે તે ભાવથી ભક્તો, પ્રભુને જ ભજે ખરા;
તેઓ વિકાસ પામીને, ક્રમશઃ મોક્ષ પામતા.

## ૩૩. સમત્વ–યોગી

જે પળે પળ પોતાના, કર્તવ્ય-માર્ગમાં ધરે;
સર્વમાં જેમ સર્વત્ર, સમત્વ સાચવ્યા કરે.
તેવા સમત્વ યોગીનો, સંયોગ તે સૌભાગ્ય છે;
તેમ વિયોગ દુર્ભાગ્ય, સમાન લેખવો પડે.
સંત દુર્લભ અને તેથી સમાજયોગી દોહેલો;
સોનું માટી જુદાં પાડી, સૌને સ્થાન ચીંધતો.
મુક્ત હાસ્ય સદા હોઠે, હૈયે અફાટ છો વ્યથા;
એવા યોગેશ્વરો વિશ્વે, કરે સમાજસર્જના.
યુદ્ધ અને વાત્સલ્ય, બંને સંગાથે આવતાં;
કેવી મહાન યોગીની, કસોટી તીવ્ર લાવતાં!
પ્રશસ્તિ રાગ આરાધ્ય, પહેલાં હોઈ શકે ભલે;
તે જ અંતે બંને ત્યાજ્ય, રખે વિવેક કો ચૂકે.

છેલ્લે જે ત્યાજ્ય તે ભૂલી, પહેલેથી તજી જશે;
આરંભથી જ તે યોગી, નક્કી પતન પામશે.

જ્યારે કર્તવ્ય ને પ્રેમ, ખેંચે બંનેય સામટાં;
ત્યારે કર્તવ્ય ના ચૂકે, યોગી સત્પ્રેમીઓ ખરા.

સ્વર્ગથી ન ચડ્યો પાર્થ, ન ડગ્યો આપદા મહીં;
વંદ્ય ને ધન્ય યોગી તે, ન ડોલ્યો ઉર્વશી થકી.

સર્વ નારી ગણે માતા, સત્તા-ઝંઝા મહા સ્થિર;
રહે દુઃખો વિશે રાજી, યોગી સહજ ને સમ.

## ૩૪. જ્ઞાની

યશ મળે પુરુષાર્થે, તેમાં તો કારણો ઘણાં;
એકલા નરને ખાતે, જ્ઞાની તે નહિ નોંધતા.

વિશ્વતંત્રે થતું છોને, થવાનું તોય જ્ઞાની ત્યાં;
સ્વતંત્ર ને રહે સ્વચ્છ, વિશ્વને સ્વચ્છ રાખતા.

પ્રવૃત્તિઓમાં પડે જ્ઞાની, છો ચાહે તેવી હોય તે;
કિંતુ નિવૃત્તિ લઈ તેની, શુદ્ધિ તો થવી જોઈએ.

પ્રસાદ, રસ ને શાંતિ, આનંદ અંતરે પડ્યાં;
શોધી માણે મહા જ્ઞાની, આત્માની મોજ તે સદા.

જગે સ્ત્રીદિલ સર્વાંગે, જીત્યો તે સર્વજિત્ છે;
ને આંતરજગત પૂરું, પેખ્યું તે પૂર્ણ જ્ઞાની છે.

નિસર્ગ-ન્યાય હંફાવે, ક્રૂર મિથ્યાભિમાનીને;
ત્યાંય અદ્વેષી સમત્વીને, નિમિત્ત બનવું પડે.

ત્યાંય નિમિત્ત થૈ જ્ઞાની, જાતે પસ્તાય છે સ્વયં:
તેનાં તેવાં ઢીલાં પાપો, તે ક્ષણે છૂટતાં સ્વયં.

## ૩૫. સત્યાર્થી સાધક

કર્તવ્ય મોખરે રાખી, સ્નેહ જે સાચવી શકે:
માનવો તે જ સત્યાર્થી, સાધક માનવી ખરે.

અત્ય-સાધકથી કો દી, મહા ભૂલ થઈ જતી;
તોય તે ભૂલમાંથીયે, લાધતી શુદ્ધ જાગૃતિ.

એક પાસે રહે સ્નેહ, કર્તવ્ય બીજી બાજુએ:
ત્યારે કર્તવ્ય-પલ્લામાં, બેસવું સત્યશોધકે.

સત્યાર્થીની જઈ પૂંઠે, સદા દુઃખો ફરી વળે:
મેરુ-શો નિત્ય નિષ્કંપ, તેનો આત્મા નહિ ડગે.

કાવતરાખોરના હાથો, અંતે હેઠા પડે જ છે:
સત્યાર્થીની સ્થિર શ્રદ્ધા, અંત લગી જો ના ચળે.

સર્વાંગી સાધના મહીં, એવો કો કાળ આવતો:
જ્યારે સાધક પોતાને, પ્રભાવશૂન્ય ભાસતો.

થોડો સમય ત્યારે તે, આત્મ—ઉંડાણમાં જતો;
એકાંતે મૌન સેવીને, પુનઃ પ્રભાવ પામતો.

સુખ ને દુઃખ બંનેય, સંસારે રેંટ-શાં દીસે:
સિદ્ધાંતે લક્ષ સાધીને, સાધકો શાંતિ પામશે.

નમ્ર સત્યાર્થીનું કાર્ય, ભલે ને ધીમું લાગતું:
પરંતુ આખરે નિશ્ચે, ફળમાં મોખરે જતું.

વિષસિંધુ મહીં ક્યાંક, અમૃતબિંદુ હોય છે;
વ્યર્થ ટીકા થતી તેમ, સત્યાર્થી સત્ય શોધશે.

### ૩૬. આત્માર્થી

સાચા એવા એ દાતાને, સ્વર્ગ નહીં ખપે કદા:
સદા સેવા ખપે સૌની, આત્માર્થી જાણજો સદા.

### ૩૭. સજ્જન

સજ્જનો જેમ છે વિશ્વે, દુષ્ટોય તેમ હોય છે;
દુષ્ટોની પ્રતિષ્ઠાને, તોડે છે સત્યના બળે.

નિત્ય દુષ્ટો વધ્યે જાતા, ને સજ્જનો વધે નહિ:
તો તો સંસાર સારોયે, ખારો ઝેર બને અહીં.

કિંતુ દુષ્ટો વધે તેમ, સજ્જનો વધતા રહે:
મર્ત્ય-સમાજ તો વિશ્વે, સમ સ્વસ્થ રહી શકે.

### ૩૮. શ્રેષ્ઠ પુરુષ

અનાસક્ત છતાં શ્રેષ્ઠે, ન ક્રોધ કરવો ઘટે:
કેમ કે શ્રેષ્ઠને લોકો, બાહ્ય ભાવે અનુસરે.

આપવી પ્રેરણા શ્રેષ્ઠે, લઈ કામ બધા કને:
તાદાત્મ્ય સૌથી સાધે, તાટસ્થ્ય ના ચૂકે.

જ્યાં જ્યારે જે અનાયાસે, સારું–માઠું મળે કંઈ:
રાખે સંતોષ યત્નાથી, જગે તે શ્રેષ્ઠ માનવી.

કરોડો કોસથી ખેંચે, ચારિત્ર નરશ્રેષ્ઠનું:
નામેય સુણતાં જેનું, હૈયે હેત વધે ઘણું.

સામાન્ય દેવ છે શ્રેષ્ઠ, સામાન્ય માનવી થકી;
દેવોના ઇંદ્રથી કિંતુ, શ્રેષ્ઠ સત્યાર્થી માનવી.

સિંહબાળ ભલે નાનું, તોય તે વીર્યવંત છે;
પુરુષ–શ્રેષ્ઠનું બાળ તેથીય વીર્યવંત છે.

સર્વનાશ થશે અંતે, ધૃતે અધર્મ વ્યાપશે;
એવું જાણ્યા છતાં મોટા, ભૂલ્યા પ્રવાહને વશે.

મોટાનીયે થતી ભૂલો, સ્વ–પર–શ્રેય–માર્ગમાં;
કિંતુ સર્વાંગ સિદ્ધિને, ક્રમશઃ તે વરી જતા.

ગુણોમાં શ્રેષ્ઠ હોય તે, વર્ણોમાં શ્રેષ્ઠ માનવો;
આશ્રમોમાંય તે રીતે, સત્ય સદા સ્વીકારજો.

## ૩૯. વ્યવહાર અને આદર્શ

વ્યવહારે જ આદર્શ, બતાવી અન્ય કાજ જે;
ઉદાર દૃષ્ટિ રાખે તે, જગમાં નર-શ્રેષ્ઠ છે.

## ૪૦. સિદ્ધાંત

મૃત્યુનો ભય જીતે તે, નર અમર જાણવો;
સિદ્ધાંતે જીવતો નિત્યે, વિશ્વને બોધ આપતો.

આપતાં કોલ કોઈને, સામે સિદ્ધાંત રાખશો;
ખોઈ સિદ્ધાંત કોઈને, કદી કોલ ન આપશો.

થવાનું થાય છે એમ, ત્યારે જ માનવું ઘટે;
જ્યારે સિદ્ધાંતલક્ષી, સૌ કર્તવ્ય પૂરાં થૈ રહે.

## ૪૧. વ્યવહાર અને સિદ્ધાંત

વ્યવહાર અને સિદ્ધાંત, બંનેનો મેળ પાળશે:
તે જગે જીતશે જીવે, મર્યે આદર્શ મૂકશે.

મહર્ષિઓ ભલે વર્ષો લગી સિદ્ધાંતમાં ટક્યા:
કિંતુ જો ચૂકશે ક્યાંક તો, થશે સાધના વૃથા.

## ૪૨. કર્તવ્ય

કર્તવ્યે જિંદગી આપી, તેને જીવ્યા પછીય શું ?
મૃત્યુ ભલે આવે મોણું, ઝંખવું મૃત્યુનેય શું ?

પોતપોતાતણા કર્મે, જ્યાં સૌ કર્તવ્યમગ્ન છે:
પસ્તાવો ભૂલનારાને, ને સૌને સુખ ત્યાં જ છે.

કર્તવ્યધર્મમાં સે'જે, તિતિક્ષા ત્યાગ જન્મતાં:
અશક્ય લાગતાં વિશ્વે, તે કાર્યો પળમાં થતાં.

મોહ, કર્તવ્ય બંનેનો, સંઘર્ષ જે સ્થળે થતો:
કર્તવ્ય આચરી મોહ, તજવો તે જરૂર હો.

## ૪૩. નીતિ

જે નોકમાં નથી નીતિ, વૃથા એ નોક જાણવા:
ખોટા એ નોકની પૂંઠે, નષ્ટ થાય ઘણાં કુળો.

અનીતિને વધારો કાં, સામાની નીતિ તોડવા:
ઇચ્છો જો જીતવા તેને, તો મંડો નીતિ વધારવા.

## ૪૪. સાવધાન

ઉપરે ધર્મના સ્વાંગ, ઉરે કામુક સ્વાર્થતા;
એવા દંભીજનોથી સૌ, સાવધાન રહજો સદા.

પાહાહેર કરી વાતો, સૌને રીઝવતા ફરે;
એવા સેવક કે સાધુ, ધર્મની ક્રાંતિ શ્યે કરે?

તપસ્વી-ત્યાગીઓ મોટા, જગસ્રોતે તણાય જો;
તો ધર્મક્રાંતિપંથે તો, થતા જાણે દુઃખકરો.

પરીક્ષિત થવું વહાલું, લાગે મનુષ્યને ભલે;
પરીક્ષાઈ જશે પોતે, અસાવધાન જો રહે.

## ૪૫. અપવાદ

અપવાદો ભલે હો, નીતિનિયમોમાં સદા;
અપવાદો ન હો કોંદી, મૂળ આશયમાં કદા.

સામાન્ય નહીં શોભે, ધર્માત્મા રાજ્યગાદીએ;
જનક, રામ ને કૃષ્ણ, અપવાદે ભલે રહે.

## ૪૬. કર્મનો મહાનિયમ

શાશ્વત સૂત્ર સંસારે સૌને લાગુ પડેલ છે;
'જે કરે ભોગવે તે તો, ન મૂકે કર્મ કોઈને.'

વિભુનેય નહિ છોડે, કર્મનો કાયદો કદી;
કર્મને બાંધતાં પહેલાં, ચેતજો વાત છે ખરી.

કર્મ-ફળો નહિ કોંદી, ભાગ કોઈ પડાવતું,
સૌ સૌનાં ભોગવે કર્મો, કર્મ કોને ન છોડતું.

છે કેટલાંએક કર્મો, સંગઠિત પ્રયત્નથી:
પલટો શીઘ્ર પામે છે, સમૂહચેતના થકી.

ઋણાનુબંધની વાતો, છે અગમ્ય અગોચર:
વાવે એક અને બીજો, ફળ ચાખે શુભાશુભ.

કરેલા હાથનાં કૃત્યો, હૈયે વાગે ગણો યથા:
સામુદાયિક કર્મોય, વ્યક્તિઓને નડે યથા.

વૈયક્તિક યથા કર્મો, સામુદાયિક છે તથા:
વ્યક્તિ તથા સામુદાયિક, ભોગવે તે યથા તથા.

## ૪૭. સંસારની ગતિ

મળવું, વીખરાવું નક્કી, બંને સંસારની ગતિ;
તો હર્ષ મળવામાં શો, ને શોક શો વિયોગથી ?

જન્મવું-મરવું નક્કી, સંસારી ચક્ર ચાલતું:
તો ત્યાં જીવનને યજ્ઞ, ગણીને કાં ન ચાલવું ?

જન્મવું-મરવું નિશ્ચે, ક્રમ છે વિશ્વનો સદા:
તો અવતાર-કૃત્યોને, પાર પાડી જવું ન કાં ?

આવે એક અને જાય, આવજા એમ ચાલતી:
સંસારે કાયમી એવી, ચાલુ રહે મુસાફરી.

## ૪૮. આપદા

કરોડો આપદા જ્યારે, આવે છે એકસામટી:
ત્યારે છેલ્લી પળે પ્રભુની, મદદો આવે ઘણી.

આવે છે આપદા જ્યારે, કોઈ બેલી નહિ થતો;
માત્ર આત્મા જ આત્માનો, એકાધાર રહી જતો.
ગૃધ્રરાજ જટાયુની હતી એવી દશા તહીં;
ઊમટે આપદા ત્યારે કોઈ બેલી થતું નહીં.
ઊમટે આપદા જ્યારે ચોપાસે એકસામટી;
પતિ-પત્ની તણી ત્યારે કસોટી પૂર્ણ થૈ જતી.

## ૪૯. બેચેની

જ્યારે અકલ્પ્ય બેચેની, મનમાં જાગતી સ્વયં;
ત્યારે કષ્ટભર્યું ભાવિ, આવેલું ગણવું સ્વયં.

## ૫૦. સંકટ ને લાલચ

સંકટે ટકવું સ્હેલું, લાલચે દોહિલું અતિ;
લાલચે ટકશે કોઈ, સર્વશ્રેષ્ઠ મહામુનિ.
સંકટો લાલચો રૂપે, ડુંગરો ખાઈઓ બધી;
નિર્બળોને ડગાવે છે, બળિયા ન ડગે કદી.
ખાડા ને ટેકરાવાળો, ક્રાંતિનો મારગ દોહિલો;
આફતો લાલચો જીતે, તેને તે સાવ સોહિલો.

## ૫૧. પ્રેમ

ન સાચું સુખ સંસારે, પ્રેમભક્તિ વિના મળે;
વ્યક્તિઓ, વસ્તુઓ સર્વે, અલ્પ છે પ્રેમ આગળે.
પલટે પ્રેમનું જોર, નિયમો ચાલુ વિશ્વના;
પ્રેમ-વિજ્ઞાન સર્જે છે, ચમત્કારો જગે ઘણા.

સત્ય, શિવ ને સુંદર, અનંત જ્ઞાન પ્રેમનું;
પ્રગટે જ્યાં પરં સૌખ્ય, કાળભાન સરી જતું.
પ્રેમ પ્રેમ અહો પ્રેમ! શી છે તારી કરામતો!
આકાશ જ્યાં ન પૂગે, ત્યાં તું શી રીતે પોંચતો.
વહેમ-વમળો ઊઠે, સૌ ક્ષણે પ્રેમસાગરે;
કિંતુ એમાં રહી ઊંડે, અક્ષુબ્ધતા અખંડ એ.
દેહો જુદા રહ્યા છો ને, પણ આત્મા અભિન્ન છે;
પ્રેમ વિના બીજી કોઈ, સાર-વસ્તુ નહિ જગે.
પ્રેમ-સમાજથી ઊંચું, અન્ય કોઈ ન શસ્ત્ર છે;
ગુનાઓનાં ઊંડાં મૂળ, પ્રેમથી નષ્ટ થાય છે.
વિરોધો ફૂબતા જ્યારે, સ્નેહાબ્ધિ મધ્યે સામટા;
આરંભે-અંતમાં માત્ર, પ્રેમ-મંત્રો રહી જતા.
સદા વિરોધીઓ માટે, સુસ્નેહદષ્ટિ રાખજો;
સિદ્ધાન્તાર્થે લડો તોયે પ્રેમ-પંથ ન ચૂકશો.
દેવોની રિદ્ધિ ને સિદ્ધિ, તુચ્છ છે માનવી કને;
કેમ કે પ્રેમની તેને, રિદ્ધિ-સિદ્ધિ વરી ખરે.
સુખ ને દુઃખ વિકારો, આખરે પ્રેમમાં ગળે;
પ્રેમાનંદ બની મગ્ન, ડૂબેલો માનવી તરે.
આત્મા તો એક છે સૌનો, આગમો–નિગમો વદે;
દેહે દિલે બનો એક, સંધાઈ પ્રેમ સાંકળે.

## ૫૨. પ્રેમ-મોહ

ક્યારેક પ્રેમ ને મોહ, બંનેની એક-શી ક્રિયા;
બહાર ભલે દેખાય (ભલે), અંતે સ્વરૂપે ન ભિન્નતા.

## ૫૩. પ્રેમી

પ્રેમીનાં પારખાં કાંઈ, એક વાતે થતાં નથી;
પરંતુ પ્રેમનાં હૈયાં, છોડાવ્યાં છૂટતાં નથી.

ભૂલવું સર્વ સંસારે, જાતનેય ભૂલી જવી;
પ્રેમીને વિશ્વમાં માત્ર, પ્રેમની સ્મૃતિ રાખવી.

સિદ્ધાન્ત-ભંગમાં કો'દી, શુદ્ધ પ્રેમ ટકે નહિ;
વિશુદ્ધ પ્રેમીઓ કો'દી, સ્વ-કર્તવ્ય ચૂકે નહિ.

વિશુદ્ધ પ્રેમીને કો'દી, દીવાલો નડતી નથી;
પ્રેમાન્દોલનની શીઘ્ર, પ્રેમી હૈયે થતી ગતિ.

પ્રેમ કર્તવ્ય બંનેની, સમતુલા રખે ચૂકો;
એવું કંઈક સદા કે'તાં, પ્રેમીનાં વિરહાશ્રુઓ.

## ૫૪. પતિવ્રતા સતી

પતિ ચૂકે છતાં સાથે, રહી સન્માર્ગદર્શિકા;
સંસ્કૃતિ રચતી આમ, ભારતમહિલા સદા.

ધર્મે પતિને પ્રેરે, સર્વ સ્થિતિ મહીં સતી;
ન માને તોય અંતે તે, ઇચ્છે પતિની સદ્ગતિ.

છો ને પતિ અન્ય કદાપિ પામશે, સામાજિક સાંયોગિક આદિ કો
તોય સતીનું દિલ ખેંચાશે, જ્યાં પૂર્વજન્મનો પતિ વસ્યો હ

જેમ મીરાં-દિલે કૃષ્ણ, પતિભાવે સદા વસ્યા;
કિંતુ રાણા તણી સેવા, કાયાથી તે ન વીસર્યાં.

સંતો, દ્વિજો અને નારી, સંસ્કૃતિ રક્ષકો ત્રણે;
ક્રમશઃ તોય કો વારે, સતી સ્ત્રી સૌ થકી ચઢે.
કેમ કે પિતૃ-પક્ષે તે, વળી શ્વસુર-પક્ષમાં;
પતિભક્તા રહે નિત્યે, વહાવે સ્નેહ વિશ્વમાં.
જે સતી ચમત્કારેથી, પતિ લાવી શકે સુખે;
તે શીઘ્ર મુક્તિનાં બન્ધ, દ્વારો શું ખોલી ના શકે?

## ૫૫. માતૃજાતિ

કો ક્ષણે હારતી લાગે, કિંતુ શ્રદ્ધા સદા જયી:
તેમ સ્ત્રી હારતી ભાસે, તોય સ્ત્રી છે સદા જયી.
શ્રદ્ધા પુનિત જે તર્ક, તે તર્ક છો સદા જીતે;
તેમ જ પુણ્ય સ્ત્રી કેરો, સાચો સાથી ભલે જીતે.
કોમળતા છતાં સ્ત્રીમાં, સમર્પણ, સહિષ્ણુતા;
સે'જે આ સદ્‌ગુણો જેની, સાચા મૂલ્યે પ્રમુખતા.
નિસર્ગે હાથ ધોયા છે, નિર્મી હૈયું સ્ત્રીઓ તણું;
કોટી દોષો પુરુષોના, હેતે નિત્ય પખાળતું.
ઇષ્ટ કે દુષ્ટ ભાવોને, સ્ત્રી બહુ ગોપવી શકે:
કિંતુ હયું સમર્પે ત્યાં, સર્વસ્વ ઠાલવી દીએ.
સર્જશે ભૂષણો પોતે, ત્યાં લગી સ્ત્રી સ્વતંત્ર છે:
વેચાશે ભૂષણોથી તો, તે પરાધીન થઈ જશે.

## ૫૬. પતિ–પત્ની

આદર્શ એક પત્નીનો, સંસારે સર્વશ્રેષ્ઠ છે:
પતિ–પત્ની મહીં તેમ, પત્નીમાં પતિ ખૂંપશે.

સર્વ ભાવે પતિસેવા, પત્ની કરે પરંતુ તે;
પતિનાં પ્રિય પાત્રોની, સેવા જો ન કરી શકે.
ને અહં ઓગાળી સર્વ, અર્પણ ન કરી શકે;
તો કર્યું-કારવ્યું ધૂળ, પતિ-પત્ની તણું થશે.
પત્ની-વિયોગને વેઠે, પતિ કદી ભલે સુખે;
પરંતુ પત્નીને તે તો, મૃત્યુથી વધુ કઠે.
છાનું રાખે નહિ કોઈ, કદી પત્ની તથા પતિ;
જોડાયાં દિલ બંનેનાં, તોડ્યાં તૂટે ન કોઈથી.
જાણીને ન કરો ભૂલ, અજાણતાંય ના કરો;
છતાં થઈ જાય તો તે, ખોલીને જાગૃતિ ધરો.
પત્ની સમ જગે કોઈ, નથી મિત્ર, નથી દવા;
પત્નીને પતિ-શાં અન્ય, ન અન્ન, જળ ને હવા.
આપદા ઊમટે જ્યારે, ચોપાસે એકસામટી;
પતિ-પત્ની તણી ત્યારે, કસોટી પૂર્ણ થઈ જતી.

## ૫૭. દામ્પત્ય

ન ભોગી મન એકાગ્ર, પામે ખૂંપ્યું રહી શકે;
હો ત્યાગી કે અનાસક્ત, તો જ દામ્પત્ય તે લહે.
માટે દેહે ભલે ભિન્ન, દિલે એક સદા રહી;
જીવજો દંપતી સાધી, આત્મૈક્ય ભાવની ગતિ.
પ્રણયી પ્રણયિનીની, બધી ઇચ્છા પૂરી કરે;
ન સત્પ્રણયી પાત્રોમાં, ખોટી ઇચ્છા વસી શકે.

જેને દીઠે સ્વ-ચૈતન્ય, હસીને ખીલી ઊઠતું:
બન્ને તે ભિન્ન દેહોનું, ઐક્યાર્થે લગ્ન જામતું.

એવું એ પ્રણયી જોડું પ્રજા ચાપીં છૂટું પડે:
ને સાધી સ્વ-પર શ્રેય વિશ્વસિંધુ સુખે તરે.

પ્રણયે મોહની છાંટ, કિંવા બીક પડી હશે:
ત્યાં લગી દંપતી-દિલો, કદી ઐક્ય ન પામશે.

## ૫૮. વ્યક્તિ અને સમાજ

વ્યક્તિનાં પાપ ધોવાનો, એક માર્ગ સમાજનો.
સાચી શુદ્ધિ કરો વિશ્વે, મુખ્ય એ માંગ આજની:

સમાજકાર્ય જો થાય, આત્મધર્મ ચૂક્યા વિના:
વ્યક્તિ, સમાજ બન્નેનાં, તો જ શ્રેયો ખીલે સદા.

વ્યક્તિ જીવનમાં સેલું, શોધવું તે થઈ પડે:
સમાજે શોધવું એ જ, અત્યંત દોહિલું બને.

અનેક યોગવાળું એ, આડું-અટપટું ઘણું:
સમાજજીવને આથી, જાગૃતિ રાખજો સહુ.

## ૫૯. વ્યક્તિ અને સુસંસ્થા

ભલે હો ઘણી સુસંસ્થાઓ, એક વ્યક્તિ વધે કદા:
અંતે તો એક સુસંસ્થા, વ્યક્તિઓથી ચડે સદા.

## ૬૦. નર-નારી

રહે ક્ષેત્રે ભલે ભિન્ન, નારી-નર શરીરમાં:
કિંતુ વિકાસમાર્ગે હો, બંનેની એકરૂપતા.

નરાધીન રહે નારી, તેમાં નારી વિશેષતા;
નર વિશેષતા તેમાં, દે નારીને સ્વતંત્રતા.

નારી કહે નર શ્રેષ્ઠ, નારી શ્રેષ્ઠા કહે નર;
મનુ-જાત સુખી થશે, માન સ્થાપી પરસ્પર.

ભાવે કદર બંનેની, બંનેએ કરવી સદા;
સ્ત્રી-પુરુષ તણા ભેદો, ભૂલી સાધી સુએકતા.

પોતાની સાધના વિશ્વ-ચરણે ધરતાં અહા !
નર-નારી તણાં એવાં, જોડાં દિપાવશે ધરા.

લાગે વિકાસનું ક્ષેત્ર, છો નારી-નર પૂરતું;
કિંતુ વધતાં અંતે તે, સર્વવ્યાપી બની જતું.

સમો લાગુ પડે ન્યાય, નારી ને નર બેઉને;
પક્ષપાતે પડે જ્યારે, ત્યારે રહે સમો ન તે.

લગ્નનો મુખ્ય આદર્શ, જો નારી-નર-એકતા;
તો સાચા એક મેળાપે, થાય સંતોષ પૂર્ણતા.

આત્મા તો એક છે સૌનો, આગમો-નિગમો વદે;
દિલે-દેહે બનો એક, સંધાઈ પ્રેમ સાંકળે.

વિકારો વેગળા રાખી, માણો આત્મ-અભિન્નતા;
છો થાઓ નર કે નારી, આ મહા જીવસૃષ્ટિમાં.

## ૬૧. સેવા

સેવા નિઃસ્વાર્થ સજ્ઞાન, પૂર્ણ જો હોય તો ખરે;
હો આવે બદલો જોરે, જરાયે ઇચ્છશે ન તે.

સુખ આનંદનું ધામ, સાચાં સેવા સ્વયં હશે:
તો પછી બદલો બીજો, કયાં ને કોણ આપશે ?

## ૬૨. જનપ્રવાહ અને સત્પુરુષ

સર્વનાશ થશે દ્યૂતે, દ્યૂતે અધર્મ વ્યાપશે:
એવું જાણ્યા છતાં મોટા, બૂડ્યા પ્રવાહને વશે.

જનપ્રવાહનું એવું, જોર મોટું જગે દીસે:
તેથી જ સત્યપુરુષો, પાર પામી પ્રવાહ ફેરવે.

મોટા ભાગે સદા મર્ત્યો, પ્રવાહે ચાલતા બધા:
ત્યારે પ્રવાહ સામે થૈ, કોક જ પાર પામતા.

## ૬૩. લગ્નપ્રથા

લગ્નની જિંદગીને ના, એકાંતે પાપ કો ગણો:
દિલ સ્નેહભર્યું લગ્ન, જીવન સત્ય હોય તો.

સ્ત્રી-પુરુષ સ્વયં ઇચ્છે, જોડાવા લગ્નગ્રંથિથી:
તોય તે લગ્ન પહેલાં, જોઈએ સંઘસંમતિ.

સિદ્ધાંત સાધુનો હેવો, ને સલાહ વડીલની:
સંમતિ વર–કન્યાની, તો બને લગ્ન તે શુચિ.

સ્વભાવભેદ ને અંગ-પંગુતા સ્નેહલગ્નમાં:
ન નડે, તે નડે માત્ર, જાણજો દેહલગ્નમાં.

દીર્ઘ કાલ રહે સંગે, મર્ત્ય પાવિત્ર્યથી જહીં:
ત્યાં તેણે કામ્ય ભાવોના, સંબંધો બાંધવા નહિ.

મનુષ્યો કરજો નિત્ય, સદુપયોગ શક્તિનો;
નાહકના તમો કો'ને, ક્દીય ન દુભાવશો.
રાષ્ટ્રને ઘડનારી જ્યાં; પ્રજાશક્તિ ખૂટી જતી;
તો ત્યાં સરમુખત્યારી, આપોઆપ શરૂ થતી.
મહિલા છે મહાશક્તિ, વિશ્વને ઘેરશે અહો !
જો એ મહાન શક્તિનો, સદુપયોગ થાય તો.

## ૮૨. આત્મશક્તિ

સજામાં, શસ્ત્રમાં નિષ્ઠા, સાચો વીર ધરે નહિ:
આત્મશક્તિ તણી ભક્તિ, તેની રગે રગે વસી.
બાહ્ય બળો બધાં વ્યર્થ, દિલશત્રુ દબાવવા;
અંતઃશુદ્ધિ આત્મશક્તિ, ખપ લાગે તિહાં ખરી.
તપથી તો વધે શક્તિ, તપે તેજ વધી જતું;
ભાન જાગે તપસ્યાથી, તો અનંત આત્મશક્તિનું.
જાનમાલ તણા ભોગે, આત્મશક્તિ વધારવી:
આત્મશક્તિ વધે ત્યારે, નમ્ર પ્રીતિ ન ભૂલવી.

## ૮૩. આધ્યાત્મિકતા

નહિ જે રિદ્ધિની પૂંઠે, સાચી આધ્યાત્મિકતા હશે;
તે રિદ્ધિને કદી કોઈ, નીતિપ્રેમી ન પૂજશે.
ભૌતિક દૃષ્ટિ રાખીને, સંસારે નર સંચરે;
પામીને ભોગ ને કીર્તિ, વિશ્વે અધર્મ આચરે.
જ્યારે પાછો વળે આત્મા, પાપો પોકારીને ફરી;
આધ્યાત્મ દૃષ્ટિ સાધે, ત્યારે ઊંચે ચઢે સહી.

## ૬૬. બલિદાન

વિશ્વે અસંખ્ય ભૂલોને, ભૂંસજો ન ઉવેખજો;
સ્વનું દઈ બલિદાન, જગને સ્વચ્છ રાખજો.
જગે હોમાય આરંભે, તપો વિભૂતિ સર્વથા;
તો જ અન્યાયની સામે, જેહાદ જગવે પ્રજા.
મહાન પુરુષો ભૂલે, સુસંસ્થાઓ ઘણું ભૂલે;
ત્યારે તો જાણવું નક્કી, સંયોગો વિપરીત છે.
આવી સ્થિતિ બને ત્યારે, બલિદાનો સિવાયના;
વૃથા જતા બીજા સર્વે, કલાજો માનવી તણા.
ન સ્થળાંતર કે મૌન, અન્યાયો નિવારતાં;
ત્યારે અન્યાય સામે થૈ, વીરો પ્રાણ તજી જતા.
અંધાધૂંધી પ્રજા વ્યાપી, બને ત્યારે ખરેખર;
કાં હોમાઓ પ્રત્યક્ષ, કાં પરોક્ષ કરો તપ.

## ૬૭. લાઘવગ્રંથિ ને ગૌરવગ્રંથિ

બીજાની લાઘવગ્રંથિ, ઉવેખી ગૌરવે ચઢે;
તે સૂક્ષ્મ માનથી નિશ્ચે, અધોગતિ મહીં પડે.
ગર્વિષ્ઠને સ્વનો ગર્વ, ચઢાવી ઉચ્ચ શિખરે;
ખાડામાં ફેંકશે અંતે, માટે ગર્વ ન ધરીએ.

## ૬૮. પૂર્વગ્રહ

પૂર્વગ્રહો ભરી કોઠી, કોઈને ન નિહાળશો;
સ્વચ્છ મગજથી નિત્યે, અમીની આંખ રાખજો.

પૂર્વગ્રહ અને સ્વાર્થ, જેને હૈયે ભર્યા હશે:
મીઠી સલાહ હો તે દે, પણ તે ઝેરીલી થશે.

સ્વપૂર્વગ્રહ છાંડીને, જોવું બહુ જ દોહેલું;
એવું જોઈ શકે તે તો, માનવી જાણવું ભલું.

## ૬૯. અનાગ્રહ

પોતાની વાત હોય ત્યાં, અતિ આગ્રહ ન રાખવો;
સત્યને ન્યાયમાંય પણ, ભૂલનો ભય જાગવો.

## ૭૦. અભિગ્રહ સંકલ્પ

જે જે સંકલ્પનો પાયો, દૃઢ સિદ્ધાંતહીન છે:
તે તે સંકલ્પ ના કો દી, સાંગોપાંગ ટકી શકે.

સંકલ્પ તો સાચો ફળે, મેળ કેવો મળી રહે:
યોગ્ય પાત્રો મળે સંગે, સંકલ્પ યત્ન એવડે.

શાંતિનો હોય સંકલ્પ, અથવા ધર્મ-ક્રાંતિનો:
ન હો અન્યાયદાતા કે, અન્યને પીડવા તણો.

## ૭૧. પરિગ્રહ

પરિગ્રહ જ રહે માત્ર, મહાજન સુપાત્રમાં;
એ માર્ગે ચાલે સૌ તો, પડે સમાજ ખાડમાં.

## ૭૨. સત્યાગ્રહ

સત્યાગ્રહીની પૂંઠે, સદા દુઃખો ફરી વળે:
મેરુ-શો નિત્ય નિષ્કંપ, તેનો આત્મા નહિ ડગે.

ચોમેર પૂર આવે ત્યારે, સ્થિર કોણ રહી શકે?
મોટા મોટા ડગે માત્ર, સત્યાગ્રહી નહિ ડગે.

### ૭૩. કદાગ્રહ

મૂર્ત સામે ઊભેલાઓ, અમૂર્ત ચિત્ત જોડજો;
અમૂર્ત પૂજનારાઓ, કદાગ્રહી નહિ થજો.

ટીકા કરો ભલે સૌની, સૌ સાથે એકતા ભરી;
વિવેક વાપરો ખાસ, વાણી મીઠી રસે ભરી.

### ૭૪. ગુણ-દોષ

જીવતાં દોષ જે દેખે, મૂઆ પછી ન દેખતા;
મૂઆ પછી ગુણો જોવા, મથે છે માનવી બધા.

ખામી જ જીવતાં શોધે, તેય સદ્‌ગુણ શોધતા;
મૃત્યુ પછી અહા મૃત્યુ! શી છે તારી વિશેષતા.

પુત્રથી ન રહે વંશ, ગુણથી વંશ તો રહે;
ગુણના વારસા કાજે, વંશ કો ઝંખતા રખે.

આસક્તિથી અધીરાઈ, અશુદ્ધિ, સંકુચિતતા;
પેસે અનેક દોષો જ્યાં હો સમર્થ ગુણી છતાં.

એ સદેહી સમર્થોના, ગુણોને રસવા છતાં;
દોષોને ટાળવા વિશ્વે, કરો અવ્યક્ત સાધના.

ન ડંખ રાખશો કોઈ, દંખીને દોષ અન્યનો;
સ્વયં નિરપરાધી થઈ, દોષીનો દોષ ધોળજો.

## ૭૫. ઉપાદાન અને નિમિત્ત

દોષ દીધે નિમિત્તોને, મૂળ દોષ નહિ મટે;
કિંવા નિમિત્તોને ટાળ્યે, મૂળ વસ્તુ ન સુધરે.
નિમિત્તો હો ભલે સારાં, નથી જ્યાં મૂળ જાગૃતિ;
સુક્રિયા ત્યાં વૃથા જેવી, સાગરે વૃષ્ટિની ગતિ.

## ૭૬. હર્ષ-શોકમાં સ્થિરતા

ન પારખે, મરે તે તો, પારખે તે જ જીવતા;
જીવીને હર્ષ-શોકમાં, સમતા-રસ લૂંટતા.
રંગભૂમિ તણાં દૃશ્યો, પલટાતાં ક્ષણે-ક્ષણે;
હર્ષ-શોક તરંગો-શા, જેમ ઊઠે, શમે જગે.

## ૭૭. સુખ-દુઃખમાં સમભાવ

દુખિયાં સાંભળે જ્યારે, અન્યના દુઃખની કથા;
સ્વદુઃખો સર્વ ભૂલી તે, પામે ત્યારે પ્રસન્નતા.
ના સુખે હસશો કોઈ, ના દુઃખે રડશો કદી;
સુખ ને દુઃખ સંસારે, સર્જાઈ નિત્ય જોડલી.
દુઃખે તે તો નહિ દુઃખ, દોષવૃદ્ધિ જ દુઃખ છે;
માટે સુખેચ્છુઓ ઇચ્છે, ગુણવૃદ્ધિ સદા ખરે !
સુખ ને દુઃખ બંનેય, સંસારે રહેંટ-શાં દીસે;
સિદ્ધાંતે લક્ષ સાધીને, સાધકો શાંતિ પામશે.

## ૭૮. સમતા

બાહ્ય હાર અને જીત, શતધા આવજો ભલે;
અમારો સમતા દીવો, ઓલવીશું અમે નહિ.

## ૭૯. સંતોષ

જ્યાં જ્યારે જે અનાયાસે, સારૂં-માઠું મળે કંઈ,
રાખે સંતોષ યત્નાથી, જગે તે શ્રેષ્ઠ માનવી.

## ૮૦. શાંતિ

વનમાં ઘરમાં કિંવા, ગામમાં નગરે નથી:
કર્તવ્ય-ભાન જ્યાં જેને, ત્યાં તેને શાંતિ સાંપડી.

આંતરિક સદા શાંતિ, ધર્મનું મુખ્ય એ ફળ:
આબાદી તો વચ્ચે બાહ્ય, પાકતાં કાળનું બળ.

શૃંગારાદિ રસો સૌએ, લીન શાંત રસે થતા:
સમુદ્રમાં થતી લીન, સરિતાઓ યથાતથા.

પ્રતિષ્ઠા ધન-સત્તાની, વધારે માનવી જગે,
વિશ્વયુદ્ધો બને ત્યારે, ને શાંતિ જોખમાય છે.

## ૮૧. શક્તિ

વેરની આગમાં ધર્મ, ન્યાયવિચાર સર્વ કંઈ,
હોમાઈ જાય ને શક્તિ, કુમાર્ગમાં જ સંચરે.

દૈત્ય ને પશુની શક્તિ, માનવીથી વધી જતી:
કિંતુ કળ ભળે તેમાં તો મર્ત્ય-શક્તિ જીતતી.

મહાશક્તિ ક્ષમા કિંતુ, બને દુર્બળ ઢાંકણ:
મર્ત્ય-સમાજ માટે તે, તો અધોગતિ કારણ.

કુપંથે વેડફવાના, ડરે શક્તિ ન રૂંધશો:
પેસાં સંચી પછી તેને, સુપંથે નક્કી વાળશો.

મનુષ્યો કરજો નિત્ય, સદુપયોગ શક્તિનો:
નાહકના તમો કોને, કદીય ન દુભાવશો.
રાષ્ટ્રને ઘડનારી જ્યાં: અજ્ઞશક્તિ ખૂટી જતી:
તો ત્યાં સરમુખત્યારી, આપોઆપ શરૂ થતી.
મહિલા કે મહાશક્તિ, વિશ્વને ઘેરશે અહો !
જો એ મહાન શક્તિનો, સદુપયોગ થાય તો.

## ૮૨. આત્મશક્તિ

સત્તામાં, શસ્ત્રમાં નિષ્ઠા, સાચો વીર ધરે નહિ:
આત્મશક્તિ તણી ભક્તિ, તેની રગે રગે વસી.
બાહ્ય બળો બધાં વ્યર્થ, દિલશત્રુ હરાવવા;
અંતઃશુદ્ધિ આત્મશક્તિ, ખપ લાગે તિહાં ખરી.
તપથી તો વધે શક્તિ, વધે તેજ વધી જતું;
ભાન જાગે તપસ્યાથી, તો અનંત આત્મશક્તિનું.
જનમાત્ર તણું ધ્યેય, આત્મશક્તિ વધારવી:
આત્મશક્તિ વધે ત્યારે, નમ્ર પ્રીતિ ન ભૂલવી.

## ૮૩. આધ્યાત્મિકતા

નહિ જે સિદ્ધિની પૂંઠે, સાચી આધ્યાત્મિકતા હશે;
તે સિદ્ધિને કદી કોઈ, નીતિપ્રેમી ન પૂજશે.
ભૌતિક દૃષ્ટિ રાખીને, સંસારે નર સંચરે:
પામીને ભોગ ને કીર્તિ, વિશ્વે અધર્મ આચરે.
જ્યારે પાછો વળે આત્મા, પાપો પોકારીને ફરી:
આધ્યાત્મ દૃષ્ટિ સાધે, ત્યારે ઊંચે ચડે સહી.

જવાબદાર છે મોટો, વિશ્વે માનવ એકલો:
વહાવી વિશ્વ-વાત્સલ્ય, સૌ પ્રાણીમાં રહે ભલો.
આજ્ઞા કે ધમકી માત્ર, કોઈને નહિ સુધારતી:
હૂંફ પ્રેમાળ હૈયાની, સંગે રહી સુધારતી.

## ૮૮. તપ

તપથી તો વધે શક્તિ, તપ તેજ વધી જતું:
ભાન જાગે તપસ્યાથી તો, અનંત આત્મશક્તિનું.
હશે જે તપના પાયો, ત્યાગાદિ સદ્‌ગુણો મહીં:
તેજ તપ થકી સાચું, સૌનું શ્રેય સધે અહીં.

## ૮૯. તપ-ત્યાગ

આંતરિક અને બાહ્ય, ત્યાગ બંને પ્રકારના:
સાધે જો ક્રમથી સૌ, તો વિશ્વશાંતિ ટકે સદા.

પાર પામે ગુણ મર્ત્ય, દેવદુર્લભ કૃત્યને:
હોય જો તપ ને ત્યાગ, તેની સંગે ક્ષણે-ક્ષણે.

સહિષ્ણુતા અને ત્યાગ, બંને વિકાસ-લક્ષણો:
વ્યક્તિ-સમષ્ટિનો મેળ, ઇચ્છનારા ન ભૂલશો.

મહાન પદવી મોટા, યજ્ઞ વિના પચે નહિ:
તપ-ત્યાગ વધે જેથી, ભોગ-સંગ નડે નહિ.

તપ-ત્યાગ થકી સ્થૂળ, દેહ ભલે નબળો પડે:
કિન્તુ સાથે તપ-ત્યાગે, આત્મા તો સબળો થશે.

## ૯૦. નિષ્ઠા

છે ચમત્કારની નિષ્ઠા, અનર્થ-મૂળ વિશ્વનું;
યુગજનો હણે એને, કરે ચારિત્ર ઊજળું.
સત્યનિષ્ઠા ડગે કિંતુ, ને અભિમાન પાંગરે;
ઝટ લાપોટ લાગે ને, નિસર્ગ વિફરી પડે.

## ૯૧. શ્રદ્ધા

રૂડા સત્સંગથી પામે, દૈત્યોમાંય મનુષ્યતાઃ
રાખીને સત્યમાં શ્રદ્ધા, નિરાશા છોડજો સદા.
આણી પળે કસોટીઓ, અપરંપાર આવતી;
સમજપૂર્ણ શ્રદ્ધા જ, આખરે ત્યાં જીતતી.
કો ક્ષણે હારતી લાગે, કિંતુ શ્રદ્ધા સદા જયી;
તેમ સ્ત્રી હારતી ભાસે, તોય સ્ત્રી છે સદા જયી.
એવી વેળાય આવે છે, તર્ક ચર્ચા ત્યાં નિરર્થકઃ
હૈયે હૈયાં કરે વાતો, શ્રદ્ધાનો માત્ર ત્યાં ખપ.

## ૯૨. સત્સંગ

સજીવમાં કળા શોભે, અજીવથી અનેકધા;
સત્સંગ રંગ ચાખે તો, પામે પશુય પાત્રતા.
આત્મા સૂતેલ જાગે છે, સત્સંગના પ્રભાવથી;
કુટિલ વૃત્તિઓ સર્વે, સહેજે સૂલટી થતી.
રૂડા સત્સંગથી પામે, દૈત્યોય મનુષ્યતા;
રાખીને સત્સંગમાં શ્રદ્ધા, નિરાશા છોડજો સદા.

## ૯૩. ચમત્કાર

છે ચમત્કારની નિષ્ઠા, અનર્થ–મૂળ વિશ્વનું;
યુગજનો હણે એને, કરે ચારિત્ર ઊજળું.
પલટે પ્રેમનું જોર નિયમો ચાલુ વિશ્વના;
પ્રેમવિજ્ઞાન સર્જે છે, ચમત્કારો જગે ઘણા.

## ૯૪. દાન

સાચા એવાય દાતાને, સ્વર્ગ નહિ ખપે કદા;
સદા સેવા ખપે સૌની, આત્માથી જાણજો સદા.

## ૯૫. અમૃત અને ઝેર

બદલો કટુ બોલાનો, કટુતાથી ન વાળશો;
ક્રિયાશીલ મીઠાશોમાં, કટુતા ઓગળાવશો.
વિરોધીઓ વમે ઝેર, ભરી વેરની કોથળી;
જિંદગી જાય છે તેની, આખી કુકૃત્યથી ભરી.
તોય માનવતા કોઈની, ન ચૂકે ઊંચ માનવી;
ઝેરને અમૃતે જીતે, ઈશ્વરી શક્તિ વાપરી.
વિરલ કો હશ્યો એવાં, ચિત્તમાં કાયમી વસે;
મધુરી સ્મૃતિઓ જેની, ઝેરમાં અમૃત ભરે.
વિશ્વે વિષ ભર્યું તોયે, સ્નેહી સંગે બને સુધા;
કિંતુ સુધા થશે ઝેર, સુસ્નેહી વિણ સર્વદા.
આહ સારું, ન તે સારું, જો તેમાં ભળતો મદ;
કેમકે મદને ઝેરે, આત્મામૃત બને વિષ.

મદ-વિષ-ભર્યો આત્મા, ઝેરીલો બની જાય છે;
પ્રાયશ્ચિત્ત લઈ પૂરું, પાછું પીયૂષ થઈ શકે.

## ૯૬. ક્ષમા

ક્ષમા એ છે ધરા એવી, ઔદાર્ય-અબ્ધિના સમી;
કિન્તુ સ્ત્રી થકી હારે, વીરતા નરજાતિની.

દુર્ગુણીને ભલે આપો, માફી અંગત સર્વદા;
સમાજે માફીનો ખોટો, ઉપયોગ ન દો થવા.

વેરનો બદલો વાળે, ક્ષમા-પ્રેમે મનુષ્ય જો;
સ્વયં નિમિત્ત રૂડું, સાથ આપે નિસર્ગ તો.

મહાશક્તિ ક્ષમા કિંતુ, બને દુર્બળ ઢાંકણ;
મર્ત્ય સમાજ માટે તે તો અધોગતિ કારણ.

ભૂલપાત્ર ગણી સૌને, વિશ્વે રહો ઉદાર થઈ;
ક્ષમા કરો ક્ષમા રાખો, સ્વ—પર—શ્રેય સાચવી.

## ૯૭. સૌન્દર્ય

સૌન્દર્ય પૂજવા યોગ્ય, ન તેને ચૂંથવું ઘટે;
જે ચૂંથે ને ચૂંથાવે જે, બેઉ તે નાશ નોતરે.

સત્ય સ્વયં પ્રકાશે છે, સત્યને સાજ ના ખપે;
નર્યું સત્ય જ સૌન્દર્ય, પામી સત્યાર્થી સંચરે.

## ૯૮. આકર્ષણ

પ્રણય આકર્ષણે વિઘ્નો, ઊભાં થાય ઘણાં બધાં;
વધશે પ્રેમની શુદ્ધિ; ઘટીને દેહ-મૂઢતા.

આકર્ષણો ઉરે જાગે, ત્યારે આત્મા ન ભૂલશો;
નહીં તો વૃત્તિથી દોર્યા, નક્કી તમે પડી જશો.

### ૯૯. મોહસંબંધ અને કર્તવ્યસંબંધ

મોહ કર્તવ્ય બંનેનો, સંઘર્ષ જે સ્થળે થતો;
કર્તવ્ય આચરી મોહ, તજવો તે જરૂર હો.

મોહસંબંધ કર્તવ્ય, સંબંધ દ્વંદ્વ ચાલતું;
જગે કોઈક કર્તવ્ય, સંબંધે સર્વ હોમતું.

### ૧૦૦. કામેચ્છા

કામેચ્છાથી જ પ્રેરાઈ, લગ્ને બેમાંથી એક જો;
જોડાશે તોય ત્યાં ભાગ્યે, ઇચ્છા સંયમની કરો.

આસક્તિથી અધીરાઈ, અશુદ્ધિ સંકુચિતતા;
પેસે અનેક દોષો જ્યાં, હો સમર્થ ગુણી છતાં.

લાગે વિકારનું ક્ષેત્ર, છો નાર–નર પૂરતું;
કિંતુ તે વધતાં અંતે, સર્વવ્યાપી બની જતું.

માટે આસક્તિને જેઓ, મૂળથી મારવા મથે;
તમણે સૌથી પહેલાં, કામસ્થાનો તજવાં ઘટે.

### ૧૦૧. વિવેક

ટીકા ભલે કરો સૌની, સૌ સાથે એકતાભરી;
વિવેક વાપરો ખાસ, વાણી મીઠી રસે ઝરી.

જેવું ચૈતન્ય પોતામાં, તેવું જ સૌમાં રહ્યું;
એવા વિવેકથી વિશ્વે, સૌ પ્રાણી પ્રત્યે વર્તવું.

## ૧૦૨. પ્રારબ્ધ અને પુરુષાર્થ

પુરુષાર્થે રહી લીન, પ્રારબ્ધ જાણજો ભલે;
કિંતુ પ્રારબ્ધની વાતે, પુરૂષાર્થ ભૂલો રખે.
થવાનું થાય છે એમ, ત્યારે જ માનવું ઘટે.
જ્યારે સિદ્ધાંતલક્ષી સૌ, કર્તવ્યો પૂરાં થૈ રહે.
મૂઢ સ્વાર્થે ભૂલી ભાન, દૈવને દોષ દે પછી:
ચૂકે કર્તવ્ય મોટાઓ, ત્યાં નાના પાસ આશ શી?

## ૧૦૩ જ્ઞાન

નમ્રતા નહીં જે જ્ઞાને, અધૂરું જ્ઞાન તે ખરે:
પરચો ન પચાવે તે, ચારિત્ર તે અપૂર્ણ છે.
સુનિર્લેપી જ લેપીનું, કરે નિર્દોષ વર્ણન;
પંક જ્ઞાન વિના જેમ, વૃથા પંકજ વર્ણન.
સત્તાધીશો થકી જ્ઞાન, મળે તે જ્ઞાન વાંઝિયું;
ગુરુ-વિનયથી જ્ઞાન, પમાય સઘળું પૂરું.

## ૧૦૪. ચારિત્ર

છે ચમત્કારની નિષ્ઠા, અનર્થ-મૂળ વિશ્વનું;
સુગજનો હણે એને, કરે ચારિત્ર ઊજળું.
કરોડો કોષથી ખેંચે, ચારિત્ર નર–શ્રેષ્ઠનું;
નામેય સુણતાં જેનું, હેત હૈયે વધે ઘણું.
તેવા દુર્ભાગ્યનો નાશ, સુચારિત્ર્યે જ થઈ શકે;
સુચારિત્ર્ય જ છે સાચું, કાયમી ધન આ જગે.
ઊંચા વિચાર ચારિત્ર્યે, આકર્ષાતી પ્રજા જગે;
તેવી પ્રજા થકી રાષ્ટ્રે, સંસ્કૃતિ શોભતી ખરે.

બાહ્ય વૈભવ છો મોટો, સભા એ શોભતી નથી;
ચારિત્ર્યધનથી શોભે, સભા સાદી ભલે રહી.
સાચી કળા સ્વયં માગે, કળાકારે ચારિત્ર્યતા;
કળા ચારિત્ર્યથી સોહે, દુશ્ચારિત્ર્યે કળા વૃથા.

## ૧૦૫. સ્મૃતિ

વિરલ કો દશ્યો એવાં, ચિત્તમાં કાયમી વસે,
મધુરી સ્મૃતિઓ જેની, ઝેરમાં અમૃત ભરે.
ભૂલવું સર્વ સંસારે, જાતનેય ભૂલી જવી;
પ્રેમીને વિશ્વમાં માત્ર, પ્રેમની સ્મૃતિ રાખવી.

## ૧૦૬. આયુષ્ય

જિંદગી તે ન આયુષ્ય, સાચી ઇજ્જત આયુ છે;
તેવી ઇજ્જત તો જાય, તો વૃથા જિંદગી ખરે !
ખૂટે આયુષ્ય તેની કંઈ, ચિંતા કરવી ના ઘટે;
જે આત્માર્થે મળ્યું આયુ, તેની ચિંતા થવી ઘટે.

## ૧૦૭. પાત્રતા

રહી છે પાત્રતા ક્યાંક, કુપાત્રમાંય ખોળજો;
ખોળીને પાત્રતા વિશ્વે, વહાવી ધન્ય થઈ જજો.
કુપાત્રનાંય વાક્યોમાં, પાત્રતા શોધવી રહી;
તો તે સદાય પાત્રમાં સુપાત્રતા વધ્યે જતી.
સજીવમાં કળા શોભે, અજીવથી અનેકધા
સત્સંગ રંગ ચાખે તો, પામેય પીયૂષ પાત્રતા.

વિશ્વવાત્સલ્ય

ૐ મૈયા